**સુવિચાર**

''વિચાર ગમે તેટલો મહાન હોય, પણ એ અમલમાં ન આવે ત્યાં સુધી એની કોઈ કિંમત નથી હોતી.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૬/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ વદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૧૫૪


## વર્તમાન ધારાસભ્ય જે.વી. કાકડીયા અને પૂર્વ ધારાસભ્યો નલિન કોટડીયા અને મનસુખ ભુવા રોષે ભરાતા

# અંતે ધારીમાં ખેડૂતોને માર મારનારાઓ પોલીસ સંકજામાં

**વેકરિયાપરા વિસ્તારમાં આવેલ વાડીનાં અવેડામાં ન્હાવાની ના પાડતા ખેડૂત ઉપર હુમલો થયેલ**

**વેકરિયાપરા વિસ્તારનાં રહેવાસીઓએ રોષભેર આવેદનપત્ર પાઠવતા આરોપીને દબોચી લેવાયા**

**સ્થાનિકોએ ધારી પંથકમાં દારૂનાં દુષણે હદ વટાવી હોવાનો પણ કર્યો આક્ષેપ**

**સત્તા પક્ષનાં ધારાસભ્ય સહિતનાં આગેવાનોએ રેલી કાઢવી પડે તે દર્શાવે છે કે મામલો અતિ ગંભીર**



અમરેલી, તા. ૧૨

ધારી નજીક આવેલ વેકરીયાપરા વિસ્તારમાં ગઈકાલે અરવિંદભાઈ સમજુભાઈ ભુવા તથા તેમના ભાઈ નનુભાઈ નામના બે ખેડૂતો પર થયેલા હિચકારા હુમલાના મામલે ધારી પંથકમાં ભારે રાજકીય અને સામાજિક પ્રતિક્રિયાઓ વચ્ચે ધારી પોલીસ એકશનમાં આવી છે. ગઈકાલે બે ખેડૂતોને માર મારનારા ત્રણ અસામાજિક તત્વોની પોલીસે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ ખેડૂતો, મહિલાઓ અને ભાજપના આગેવાનો મોટી સંખ્યામાં મેદાનમાં ઉતરતા સમગ્ર પંથકમાં આ ઘટનાને લઈને રોષની લાગણી વ્યાપી છે.

ધારીના વેકરીયાપરા વિસ્તારમાં કેટલાક અસામાજિક તત્વોએ બે ખેડૂતો પર બેફામ હુમલો કરી તેમને ઈજાગ્રસ્ત કર્યા હતા. ગંભીર ઈજાઓ પામેલા બંને ખેડૂતો હાલ

અનુસંધાન પાના ૬ ઉપર

### નવસારી ખાતેથી દબોચી લેવાયા

## ધારી : કોર્ટનાં ક્રિમીનલ ટાર્ગેટેડ કેસમાં નાસતા-ફરતાં ર આરોપીની અટકાયત

**અમિત માધવાણી અને વિનોદ માધવાણીને ઝડપી લેવાયા**



અમરેલી, તા. ૧૨

અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લાના નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ તેમજ નામદાર કોર્ટોના લાંબા સમયથી પેન્ડીંગ ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના આરોપીઓ પકડવા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હતી. અમરેલી પેરોલ ફર્લો ટીમના ઉપરી અધિકારીઓ તરફથી મળેલ સુચના માર્ગદર્શન મુજબ કામગીરી કરવા સતત પ્રયત્નશીલ હોય જે અનુસંધાને નામ. ધારી કોર્ટના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓ બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મેળવી નવસારી ગામે રહેતા અમિતભાઈ વિનોદભાઈ માધવાણી તથા કાર્તિકભાઈ વિનોદભાઈ માધવાણી નામના બંને આરોપીઓને તા. ૧૧ના રોજ નવસારી ખાતેથી પકડી પાડી આગળની ઘટતી કાર્યવાહી કરવા

અનુસંધાન પાના ૬ ઉપર

## મોટા મુંજીયાસરમાં જાહેરમાં જુગાર રમતા ચાર પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૧૨

બગસરા પોલીસ ઈન્સ્પેકટર વી.કે. ગોલવેલકરની રાહબરી હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની

અનુસંધાન પાના ૬ ઉપર

### ખેડૂત મનસુખભાઈ ઝીણાભાઈ સોજીત્રા કંટાળી ગયા

## વડિયામાં વગદાર વ્યકિતનાં ત્રાસથી ખેડૂતે ઝેરી દવા ગટગટાવી : સારવારમાં

અમરેલી, તા. ૧૨

વડિયાનાં મનસુખભાઈ ઝીણાભાઈ સોજીત્રા નામના ખેડૂતે એક વગદાર વ્યકિતએ માર્ગબંધ કરી દેતા ઝેરી દવા પી લેતા તેમને ગંભીર અવસ્થામાં ગોંડલ ખાતે સારવારમાં ખસેડેલ છે.


સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)



હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત

➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➡ તમામ પ્રકારના વાં (દુખાવા), સ્ત્રીરોગ ➡ વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર

સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૧૪/૦૬/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૫

ડો. ડેનિશ સાવલીયા — નેફ્રોલોજીસ્ટ, કિડનીના રોગોના નિષ્ણાંત
તા. ૧૩/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧

ડો. મનિષ પટ્ટણી — ન્યુરો ફીઝીશ્યન, મગજના રોગોના નિષ્ણાંત
તા. ૧૩/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ



અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન

દર મહિનાના ત્રીજા શુક્રવારે, સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist

દર મહિનાના ત્રીજા શુક્રવારે — ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી)
કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315

અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

## શહેરનાં ટ્રાફિકથી ધમધમતા ચિતલ રોડ ઉપર ૪૦ વર્ષ પહેલા બન્યું

# અમરેલીમાં ખખડધજ બનેલ બિલ્ડિંગને હટાવો અથવા મરામત કરો

મહાકાય બિલ્ડિંગની આસપાસનાં રહીશોમાં સતત ફફડાટનો માહોલ ઉભો થયો

બિલ્ડિંગનાં મોટાભાગનાં ફ્લેટધારકો અન્ય વિસ્તારમાં સ્થળાંતર કરી ગયા

માત્ર ૨ થી ૩ ફ્લેટમાં ભાડુઆત રહેતા હોવાનું પણ બહાર આવ્યું

નગરસેવકનાં પ્રતિનિધિ રવિરાજભાઈ શેખવાએ પાલિકા પ્રમુખને બિલ્ડિંગની સમસ્યા દૂર કરવા માંગ કરી






અમરેલી, તા. ૧૨

અમરેલીનાં રાજમાર્ગ ગણાતા ચિતલ રોડ વિસ્તારમાં અંદાજિત ૪૦ વર્ષ પહેલા બનેલ પાંચ માળનું એક બિલ્ડિંગ કે જેમાં ૧૮ જેટલા ફ્લેટ આવેલ છે. તે બિસ્માર અવસ્થામાં પહોંચી જતાં બિલ્ડિંગની આજુબાજુનાં રહેવાસીઓમાં બિલ્ડિંગ જમીનદોસ્ત થશે–થાશે તેવી ચિંતામાં પડયા છે.

દરમિયાનમાં સ્થાનિકોએ નગરસેવકનાં પ્રતિનિધિ રવિરાજભાઈ શેખવાને રૂબરૂ મળી આ મહાકાય બિલ્ડિંગ જમીન દોસ્ત થાય તે પહેલા તોડી પાડવા અથવા તો મરામત કરવાની માંગ કરેલ છે.

મહાકાય બિલ્ડિંગમાં માત્ર ૨ થી ૩ ફ્લેટમાં વસવાટ હોવાનું અને કાબીનાં ફ્લેટધારકો અન્યત્ર સ્થળાંતર કરી ગયાનું નગરસેવકનાં પ્રતિનિધિએ જણાવ્યું હતું અને બિલ્ડિંગનાં ફોટોગ્રાફ અને વિડીયો બનાવીને રાજયમંત્રી કૌશિક વેકરિયા, જિલ્લા કલેકટર, પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને બિલ્ડિંગની સમસ્યા દૂર કરવા રજૂઆત કરેલ છે.

## ધારી પત્રકાર સંઘ દ્વારા જી.એમ.ને આવેદનપત્ર અપાયું

# મિશન બ્રોડગેજ–બિન રાજકીય આંદોલન હવે પાર્ટ–રમાં પ્રવેશ કરશે

કોરોના કાળ તો કયારેક બ્રોડગેજમાં રૂપાંતર કરવાના બ્હાને ટ્રેન સુવિધા ઝુંટવી

અમરેલી, તા. ૧૨

અમરેલીથી ધારી ચલાલા અને વિસાવદર વચ્ચે દેશના આઝાદી કાળથી ચાલતી મીટર ગેજ ટ્રેન સુવિધા ડગુમગુ થઈ રહેલ છે. ત્યારે કોરોના કાળમાં તો કયારેક બ્રોડગેજમાં રૂપાંતર કરવાના બ્હાને ટ્રેન સુવિધા ઝુંટવી લીધેલ હતી. લોકોના વિરોધ વંટોળથી આખરે જુનાગઢથી ચલાલા સુધીની એકમાત્ર મીટર ગેજ ટ્રેન સુવિધા પુનઃ શરૂ કરવામાં આવી છે. જેમાં સામાન્ય ભાડાં કરતા અનેકગણું ભાડું રેલવે ખંખેરી રહેલ છે.

રાજકીય નેતાઓ અને રેલ્વે વિભાગના હળહળતા અન્યાય સામે ધારી પત્રકાર સંઘ દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ જેમાં ધારી ચલાલા અને વિસાવદરમાં સહી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. ધારી પત્રકાર સંઘની લોકોના હીત માટેની, મુસાફર જનતાની સુવિધા માટેની યોગ્ય માંગ છે. જેમાં અમરેલીથી વિસાવદર સુધીની મીટર ગેજ રેલ્વે લાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવે. તો મુસાફર જનતાને મોટા શહેરો સાથેના સીધા વેપાર અને વહેવારની સાથોસાથ આંબરડી સફારી પાર્ક, ગળધરા ખોડીયાર મંદિર, સ્વામીનારાયણ મંદિર, તુલસીશ્યામ, સતાધાર, પરબધામ સહીતના ધાર્મિક સ્થળો અને ફરવાલાયક સ્થળોની મુલાકાત માટે પ્રવાસીઓ માટે સરળ, સસ્તી અને સલામતી વાળી ટ્રેન સુવિધા મળી શકે છે.

સહી ઝુંબેશ અભિયાન અંતર્ગત બ્રોડગેજની માંગ હવે પ્રબળ બનેલ છે. ત્યારે અમુક લોકો સિંહ પ્રેમના નામે અમરેલીથી વિસાવદરને બ્રોડગેજ સુવિધા આપવા માંગતા નથી. ખરેખર આ વિસ્તારમાં આઝાદી કાળથી અત્યાર સુધીમાં મીટર ગેજ ટ્રેન સુવિધા શરૂ છે. અને આજદીન સુધી એકપણ સિંહ પરિવારનું અકસ્માત થયાનો એકપણ બનાવ બનેલ નથી.

ઉલ્ટાનું પીપાવાવ સુધીની બ્રોડગેજ સુવિધામાં અત્યાર સુધીમાં અનેક સિંહોના મોત થયાની હકીકત સહુ કોઈ સારી રીતે જાણે છે. પરંતુ કયાંકને કયાંક સ્થાનિક રાજકીય નેતાઓ પણ અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા મંજુર થાય તે માટે આગળ આવતા નથી.

લોકોના પ્રશ્ને, મતદારોને સુવિધા આપવા માટે, મુસાફર જનતાને ન્યાય અપાવવા માટે, અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા માટે જયારે કહેવાતા સિંહ પ્રેમીઓ ધારી ચલાલા વિસાવદરને બ્રોડગેજ સુવિધા ન મળે એ માટે પ્રયત્ન કરી રહેલા છે. ત્યારે મિશન બ્રોડગેજ સુવિધા માટે સહી ઝુંબેશરૂપી શંખનાદ હવે ફુંકાય ગયેલ છે. લોકોએ પણ હવે મનોમન નક્કી કરી લીધું છે કે, અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા માટે જરૂર પડ્યે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીને પોતાનો હક મેળવવા આંદોલન કરશે.

# ભોંકરવામાં તીનપતીનો જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના ભોંકરવા ગામે રહેતા ભરત વાસુરભાઈ જાદવ સહિત સાતેય ઈસમો ગત તા. ૧૧ના રોજ મોડી રાત્રે જાહેરમાં પૈસા પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો પાડી રોકડા રૂપિયા ૨૪,૬૦૦ના મુદામાલ સાથે પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# ખાંભા પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ જનજાગૃતિ અભિયાન યોજાયું


તસ્વીર : રાજુ વાળા–ખાંભા



ખાંભા, તા. ૧૨

ખાંભા પોલીસ સ્ટેશન જાગૃતિ અભિયાન અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોને સાયબર સેન્ટર પીડી થી બચવા માટે જાગૃત કરવાનો હતો વર્તમાન સમયમાં સાયબર સેટરપિંડીના બનાવવામાં સતત વધારો થઈ રહ્યો છે અને આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા પોલીસ દ્વારા લોકોને સાયબર ગુનાઓ અંગે જાગૃત કરવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને કાર્યક્રમ દરમિયાન લોકો સાબરપોથી બચવાના ઉપાયો વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જો કોઈ વ્યક્તિ સાયબર શેતરપિંડીનો ભોગ બને તો ગભરાયા વિના તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈન પર કોલ કરી જાણ કરવી જોઈએ ઉપરાંત નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાથી કોડની રકમ અટકવાની કાર્યવાહી સમયસર થઈ શકે પોલીસ દ્વારા લોકોને સમજાવવામાં આવ્યું કે મોબાઈલમાં અજાણ્યા સ્ત્રોતોમાંથી આવતી પીડીએફ ફાઈલ અથવા એપ્લિકેશન ડાઉનલોડ ન કરવી વધુમાં જો કોઈ વ્યક્તિ ફોન કરીને પાર્સલમાં ડ્રગ્સ મળ્યાનું સીમકાર્ડ ગેરકાયદેસર પ્રવૃતિમાં અથવા ડિજિટલ એરેસ્ટની ધમકી આપીને તપાસના નામે રૂપિયા ટ્રાન્સફર કરવાનો પ્રયત્ન કરે તો આવા ઠગોથી સાવચેત રહેવું અંતિમ જરૂરી છે ત્યારે ખાંભા પોલીસે લોકોને સાયકલ ગુનાઓથી બચવા માટે સજાગ રહેવા અને કોઈપણ શંકાશ્વક ઘટના અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી હતી અને આ કાર્યક્રમમાં ખાંભા પોલીસ સ્ટેશન પી.આઈ કે.વી ચુડાસમા તેમજ પોલીસ સ્ટાફ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ડિજિટલ રીતે નાણા ઉપાડી લીધા

# જાફરાબાદનાં દુધાળાનાં યુવક સાથે રૂપિયા ૪,૭૯,૯૯૬ની છેતરપીંડી કરાઈ

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૨

જાફરાબાદ તાલુકાના દુધાળા ગામે રહેતા પરેશગીરી ભુપતગીરી ગૌસ્વામી નામના ૩૪ વર્ષિય યુવક સાથે ગત તા. ૨૧/૫ ના રોજ બપોરના આશરે પોણા બારેક વાગ્યા દરમ્યાન આરોપી Bol Aadhar Card Update.Apk નામની એપ્લીકેશન બનાવનાર કોઈ અજાણ્યા ઈસમે છેતરપીંડી કરવાના ઈરાદે સંજયભાઈ ખાંટ (રહે. મોડાસા) નું વોટસએપ હેક કરી તેમાંથી આ યુવકના વોટસએપ નં. ૯૭૨૪૨ ૦૦૦૫૭માં Bol Aadhar Card Update.Apk નામની ફાઈલ મોકલી બેન્ક ઓફ ઈન્ડીયાનુ કેવાયસી અપડેટનું ફાઈલ હોવાનુ બતાવી આ યુવક પાસે એપ્લીકેશન ઓપન કરાવી અને યુવકના મોબાઈલનું એકસેસ કપટ પુર્વક મેળવી લઈ યુવકની જાણ બહાર તેમનો મોબાઈલમાંની બોલની બેંક એપ્લીકેશનમાં બેંકીંગની વિગતો એનકેન પ્રકારે ઈન્ટરનેટના માધ્યમથી મેળવી લઈ યુવકના બોલ બેંક ખાતા નંબરમાંથી આ અજાણ્યા ઈસમે પોતાના બેન્ક ઓફ ઈન્ડીયાના બેંક ખાતામાં રૂપિયા ૪,૭૯,૯૯૬ ટ્રાન્સફર કરી Cscegovernancesrvices મા કોઈ ખર્ચ કરી અને ચુકવી ઓનલાઈન છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પવિત્ર પુરૂષોતમ માસ નિમિત્તે

# બાબરા ખાતે રાજપોપટ પરિવાર દ્વારા રવિવારે શ્રીનાથજીની ઝાંખી દર્શન

ભોજન પ્રસાદ, સતસંગ અને કીર્તન યોજાશે

બાબરા, તા. ૧૨

બાબરામાં પવિત્ર પુરૂસોત્તમ માસ નિમિતે આગામી રવિવારના રોજ રાજપોપટ પરિવાર દ્વારા ગોપી ભોજન તથા શ્રીનાથજીના દર્શન અને ઝાંખીનું આયોજન કરવામાં આવેલ છે.

કૃષ્ણ પ્રેમી ગોપીઓ માટે પવિત્ર પુરૂસોત્તમ માસ નિમિત્તે રવિવારના રોજ ગોપી ભોજન તથા શ્રીનાથજીનાં દર્શન અને ઝાંખીનું ભવ્ય અને સુંદર આયોજન હસુભાઈ રાજપોપટ અને એમના પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

બાબરામાં આવેલ ગોપાલ કોટન ખાતે રવિવારનાં રોજ સાંજનાં સાત કલાકે ભોજન પ્રસાદ અને રાત્રીના નવ વાગે શ્રીનાથજીની ઝાંખીનો ભવ્ય પ્રસંગ રાખવામાં આવ્યો છે. તેમજ પવિત્ર પુરૂષોત્તમ માસના શુભ દિવસે ભોજન પ્રસાદ, સત્સંગ અને કીર્તન સાથે કૃષ્ણ ભકિતમાં લીન થવા આપ સર્વને રાજપોપટ પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

# બાબરાનાં પંચકુંડ ખાતે ભક્તિભાવ સાથે મટુલી ઉત્સવ ઉજવાયો, ગોપીઓએ ગોરમાનાં પૂજન સાથે અધિકમાસની આરાધનાં કરી






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેર નજીક આવેલા પવિત્ર પંચકુંડ ખાતે શ્રી નીલકંઠ મહાદેવનાં સાનિધ્યમાં ચાલી રહેલા અધિકમાસ મહોત્સવ દરમિયાન આજે એકાદશીના પાવન અવસરે ભક્તિ અને શ્રદ્ધાભેર મટુલી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓએ ગોપી સ્વરૂપ ધારણ કરી ભગવાન પુરૂષોત્તમની આરાધના, પૂજન–અર્ચન તથા ગોરમાની સ્થાપના કરી ધાર્મિક માહોલ સજર્યો હતો. અધિકમાસ દરમિયાન દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેમાં મહિલાઓ ઉત્સાહભેર જોડાઈ ભગવાન પુરૂષોત્તમ પ્રત્યેની પોતાની અખંડ શ્રદ્ધા વ્યક્ત કરી રહી છે. આજે યોજાયેલા મટુલી ઉત્સવમાં નાની બાળાઓએ ભગવાન શ્રી કૃષ્ણ અને રાધાજીનું સ્વરૂપ ધારણ કરી સૌનું મન મોહી લીધું હતું. બાળાઓના આકર્ષક વેશભૂષા અને મનોહર રજૂઆતથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. ગોપીઓ દ્વારા ભજન–કીર્તન, પૂજન અને ધાર્મિક વિધિઓ સાથે અધિકમાસની ઉજવણી કરવામાં આવી હતી. ભક્તિમય વાતાવરણ વચ્ચે ભગવાન પુરૂષોત્તમના જયઘોષ ગુંજી ઉઠયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મહિલાઓમાં અનોખો ઉત્સાહ અને આધ્યાત્મિક આનંદ જોવા મળ્યો હતો. પંચકુંડ ખાતે ચાલી રહેલા આ ધાર્મિક આયોજને શ્રદ્ધાળુઓ માટે આસ્થા અને ભક્તિનું અનોખું કેન્દ્ર બની રહ્યું છે, જયાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી અધિકમાસના પાવન પુણ્યનો લાભ લઈ રહ્યા છે. મટુલી ઉત્સવના સફળ આયોજન બદલ ગોપીઓ અને આયોજકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# પાછલા જન્મોનું ફળ ભોગવવું જ પડે છે

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

આ વિધાનનો અર્થ આપણે સૌ ભલીભાંતી જાણીએ છીએ. તેમજ પ્રસંગોપાત તેનો ઉલ્લેખ પણ જાણ્યેઅજાણ્યે કરીએ છીએ એનાં દષ્ટાંતો આપણા શસ્ત્રોમાં સાંભળવા, વાંચવા મળે છે. તો પ્રવર્તમાન સમયમાં અનુભવોમાં પોટલા માથે રાખી બેઠેલા વડીલોને પૂછી જોવું કે તમે આ બાબતમાં શું માનો છો! પૂછતાની સાથે એક પછી એક પોટલું ખોલતા જશે ને અનુભવ વાણીનો પ્રસાદ પીરસતા જશે. સાંભળ્યા પછી આપણો કેવો ઉડાઉ જવાબ આપતા હોઈએ છીએ આવું તે થોડું હોતું હશે ? ગયા જન્મનું આ જન્મે થોડું ભોગવવાનું હોય ? સમાધાન ખાતર કરીએ કે ભલે એમ ન હોય. પણ મહાભારત, રામાયણ, સંપ્રદાયોમાં જે કહેવાયુ છે તે ખોટુ ? આપણે બેચાર પ્રસંગનો ઉલ્લેખ કરીએ.

આપણે મહાભારત, ભાગવત કથાઓ સાંભળી છે એમાં પિતામહ ભીષ્મ પડે છે. ઈચ્છા મૃત્યુ હવાથી બાળશૈયા પર સૂતા છે યુધ્ધ પણ થયા પછી કૃષ્ણ મળવા આવે છે ભીષ્મ પુછે છે ‘‘હે કૃષ્ણ આ કયા જન્મનું પાપ હું ભોગવી રહ્યો છું.’’ ત્યારે કૃષ્ણએ કહ્યું તમારા પાછલા જન્મો પર દષ્ટિપાત કરો. ભીષ્મે કહ્યું હું મારા પાછલા સો વર્ષ જોઈ ચૂકયો છું. પણ એમાં કંઈ ન મળ્યું ત્યારે કૃષ્ણએ ફરી કહ્યું. એક સો જન્મ જુઓ. ભીષ્મ જુએ છે ભીષ્મને સમાધાન મળી જાય છે કથા જાણીતી છે.

કૃષ્ણની અવતારલીલા પૂર્ણ થવામાં છે પ્રાચીના પીપળે અઢેલીને બેઠા છે ને પારધી બાણ મારે છે આ પ્રસંગમાં પણ રામવતારની વાત છે. પ્રસંગ જાણીતો છે.

આવા અવતારી પુરૂષોને પણ જો પૂર્વ જન્મે કરેલાં કર્મો ભોગવવા પડતાં હોય તો આપણે કઈ વાડીનાં મૂળા ? ભોગવવું જ પડે સારા કે ખરાબ કર્મો કોઈને છોડતા નથી. જેને સંચિત કર્મો કહે છે. આ સંદર્ભે કર્મનો સિધ્ધાંત પુસ્તક વાંચવુ જ રહ્યું.

ભગવાન મહાવીરના જીવનનો પણ પ્રસંગ વાંચવા, સાંભળ વા જેવો છે રામાયણ, મહાભારતનાં પ્રસંગો વાંચ્યા કે સાંભળ્યા હોય. એટલે જ અહિ મારો તમને મહાવીરનો અક પ્રસંગ કહેવો છે શકય છે આપણે ભણવામાં એ પ્રસંગ આવી ગયો હોય. તેમ છતાં કૃષ્ણએ પાંચ હજાર વર્ષો પૂર્વે કરેલ વાત અને ૨૫૫૦ વર્ષ પૂર્વ મહાવીરે કરેલી વાત આજે પ્રસ્તુત છે આવો એ પ્રસંગને જોઈએ આ પ્રસંગ ચૈતન્ય સંઘાણીએ વર્ણવેલ છે.

તો આવો વર્તમાન જીવન આપણાં શાસ્ત્રો, મહાપુરૂષોએ કરેલી વાતો આજે જીવવાનો પ્રયત્ન કરી જીવન સાર્થક બનાવીએ... અસ્તુ.

આજથી અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. એક મહાત્મા ધ્યાનમાં લીન હતા. એક ગોવાળિયો ત્યાં આવ્યો. એમની પાસે પોતાના બળ દ મૂકી ગયો, એ મહાત્મા તો ત્યારે પણ પ્રયાનમાં જ લીન હતા. એમને ગોવાળે કહ્યું, ‘અરે ભાઈ, મારા આ બળદોનું ધ્યાન રાખજો, હું થોડીવારમાં પાછો આવું છું. એ ક્યાંય જતા ન રહે.’ પણ મહાત્મા તો પોતાના ધ્યાનમાં લીન હતા. એમનું ધ્યાન બાહ્ય ભૌતિક જગત પર ન હતુ.

એ ગોવાળ ત્યાંથી ચાલ્યો ગયો. થોડા સમયમાં પાછો આવ્યો ત્યારે એ મહાત્મા તો ત્યાં જ હતા, પણ એમની નજીક એના બળદો ન હતા. ગોવાળિયાએ બહુ પૂછ્યું કે, ‘અરે ભાઈ, જણાવો મારા બળદો ક્યાં જતા રહ્યા ?’ પણ મહાત્મા ધ્યાનમાં લીન હતા. એમને કાંઈ ખબર જ ન હતી કે બાહ્ય જગતમાં શું ચાલી રહ્યું છે. એ ગોવાળને પૂર્વજન્મના સંયોગને કારણે બહુ ગુસ્સો આવ્યો. તેણે પોતાના ગુસ્સાની તીવ્રતાને કાબૂમાં ન રાખી. પોતાનો વિવેક એણે સંપૂર્ણપણે મારી નાખ્યો. એણે એ મહાત્માના કાનમાં ખીલા ઠોકયા. છતાં પણ એ મહાત્મા પોતાના ધ્યાનમાં નિમગ્ન હતા. પોતાના અંતરતમ સામ્રાજયમાં નિમગ્ન હતા. કાનમાંથી લોહી વહી રહ્યું હતું, પણ મનમાં ઘૃણાની કોઈ જ ભાવના નહોતી. બધાના કલ્યાણની ભાવના જ નિહિત હતી. મહાત્મા પુરૂષ ઘણા શકિતશાળી હતી. પણ એમણે એ ગોપાલકને કાંઈ ન કર્યુ.

મહાત્માના ઘાનો ખરક નામના વૈદ્ય ઉપચાર કર્યો અને પછી જાણ્યું કે મહાત્મા આ ઘટના વિશે શું વિચારે છે. એ મહાત્માએ કહ્યું, ‘થોડા જન્મો પહેલાં હું ત્રિપુષ્ઠ વાસુદેવ નામક એક રાજા હતો અને આ જે ગોવાળ મારી પાસે આવ્યો હતો, એ મારો શય્યાપાલક હતો. મેં તેને આજ્ઞા કરી હતી કે ‘હું જયારે સૂઈ ગયો હોઉં અથવા મારી આજ્ઞા ન હોય ત્યારે તું સંગીત ન વગાડતો.’ છતાં પણ એકવાર મારી આજ્ઞાની વિરૂધ્ધ મારા નિદ્રાધીન થયા પછી પણ તેણે સંગીત વગાડવાનું ચાલુ રાખ્યું. હું રાજા હતો. મેં એને ઘોર દંડ આપ્યો, એના કાનમાં બહુ ગરમ સીસું રેડાવ્યું. મેં એ કર્મનો પશ્ચાત્તાપ ન કર્યો. એ શય્યાપાલક આજે ગોવાળ ના વેશમાં છે અને મને પાછલા જન્મનાં કર્મોનું પરિણામ મળ્યું છે.’ આ કહેનારા ધર્માત્માપુરૂષ હતા, ભગવાન મહાવીર. ભગવાન મહાવીરનું નામ સાંભળતાં જ અહિંસા અને પૂર્ણજ્ઞાનનું એ વિરલ સ્વરૂપ આપણી દષ્ટિ આગળ આવે છે અહિંસા, ક્ષમાની ભાવના, કોઈનું પણ અહિત ન કરવાની ભાવના, કોઈનું પણ અહિત ન કરવાની ભાવના, બધાનું ભલું થાય એવી ભાવના, અનંત શાત જ્ઞાનનો સ્ત્રોત. આ સઘળું જાણે આપણી સમક્ષ મૂર્તિમંત થાય છે.

થોડાં વર્ષ પહેલાં એક જાપાનીઝ વિજ્ઞાની યોશીનોરી ઓહસુમીને નોબલ પ્રાઈઝ મળ્યું હતું. એમણે કંઈક એવી શોધ કરી હતી કે જો તમે અઠવાડિયામાં અથવા ૧૦ દિવસમાં એકવાર ઉપવાસ કરો તો કેન્સર થવાની સંભાવના ઘણી ઓછી થઈ જાય છે. તમારી રોગપ્રતિકારક શકિત ઘણી સારી થઈ જાય છે. તમે અને હું વિચારીએ કે ઉપવાસ, ફળાહાર અને એકાસણા જેવી પદ્ધતિઓ તો હજારો વર્ષોથી આપણા દેશમાં ચાલી રહી છે. જો આવી શોધ કરવા માટે નોબલ પ્રાઈઝ મળતું હોય તો એવી રીતે તો કેટલી મૂલ્યવાન વસ્તુઓ આપણા અધ્યાત્મ ક્ષેત્રમાં છે અને ભગવાન મહાવીર જેવા મહાપુરૂષોએ આપણને વારંવાર કહી છે. હજી તો વિમાં ભેતિક શોધોની એક સીમા જ આવી છે. જેમ જેમ ભૌતિક શોધ આગળ વધતી જશે, આપણે પૂર્વજન્મના સિદ્ધાંતોને પણ સારી રીતે સમજી શકીશું, ત્યારે આપણને ખબર પડશે કે ભગવાન મહાવીર જેવા મહાપુરૂષ કહેતા હતા કે, ‘એક ક્ષણ પ્રમાદમાં કર્મ ન કરો. એક ક્ષણ પણ તમે પ્રમાદમાં ન વિતાવશો.’ એનું મહત્ત્વ કેટલું બધું છે ?એક જીવે મહાવીર ભગવાને સતત બહુ જ ઉપસર્ગ આપ્યા, ઘણી બધી હેરાનગતિ કરી, ઘણી બધી શારીરિક વ્યાધિઓ આપી. આપણે જો એ વ્યાધિઓ વિશે જાણીએ તો, આપણું અસ્તિત્વ હલી જાય. એવું શાસ્ત્રોમાં આવે છે કે સંગમદેવ કરીને એક જીવે ભગવાન મહાવીરને ઘણી બધી વ્યાધિઓ આપી, પણ ભગવાન મહાવીર નિશ્ચલ રહ્યા. ભગવાન મહાવીર ન હલ્યા, જયારે એણે ઉપસર્ગ આપવાનું બંધ કર્યુ, ત્યારે કહેવાય છે કે ભગવાન મહાવીરની આંખમાં આંસુ આવી ગયાં. ત્યારે કોઈકે કહ્યું કે, ‘જયારે આ આટલી વ્યાધિઓ આપી રહ્યો હતો, ત્યારે તમે નિશ્ચલ હતા, અટલ હતા અને અત્યારે તમારી આંખોમાં આંસુ છે !’ કરૂણાના અવતાર, સાક્ષાત્ પૂર્ણકરૂણાવાન ભગવાન મહાવીર ત્યારે એમ કહે છે કે ‘મને એ વિચારીને આંખમાં આંસુ આવી ગયાં કે એ જીવે મને વ્યાધિ આપીને જે કર્મ બાંધ્યાં છે, એના કારણે એને કેવું ભયંકર પરિણામ મળશે ? આવા કરૂણાવાન ભગવાન મહાવીરનાં ચરણોમાં આપણે અનંત વંદન કરીએ છીએ. એવા કરૂણાવન ભગવાન મહાવીરના ઉપદેશોને આપણે જીવનમાં ઉતારીએ અને પોતાનું અને આખી મનુષ્ય જાતિનું જીવન શ્રેષ્ઠ બનાવીએ.



# બાલ એક્સપ્રેસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**




– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ


## નિશાળનો ચોર વનુ વાંદરો

એક હતું જંગલ. તેમાં એક વાંદરો રહે. તેનું નામવનુ વાંદરો હતું. વનુ સાવ જુદી માટીનો હતો. આખો દિવસ રખડવાનું. કોઈનું માનવું નહિ ને પક્ષીઓને હેરાન કરતો. કોઈ વઢે કે શીખામણ આપે તો તેનું મોઢું તોડી લેતો. પૂરા જંગલનો બાદશાહ હોય એમ ફર્યા કરતો. નિશાળે બેસાડેલ પણ જાય એ બીજા.એ જંગલમાં એક પતંગિયાનો પરિવાર રહેતો હતો. એમાં એક નાનકડું પતંગિયું હતું તેનું નામ પપ્પુ હતું. ભણવામાં, કામે કાજે ભારે હોંશિયાર–કયારેક કોઈને માઠું લાગે, નુકસાન થાય





એવું બોલવાનું કે કરવાનું નહિ. બધાની સાથે હળીમળીને રહે, નિશાળમાં પણ બધાને ખૂબ આનંદ કરાવતું.એક વખત પપ્પુને તાવ આવ્યો થોડા દિવસ નિશાળે જવાયું નહિ. એ દરમિયાન વનુ વાંદરો ફરતો ફરતો નિશાળનાં ચોગાનમાં આવી ચડયો. વનુને શાળાનું સ્વચ્છ ને સુઘડ વાતાવરણ ગમી ગયું. એક ઝાડ પર આરામથી બેઠો. રીસેસ પડી, માખી, મધમાખી, પતંગિયા, તીડડા દોડતાં નાસ્તાનાં ડબ્બા સાથે મેદાનમાં આવી પહોંચ્યા. જાતજાતનાં ડબ્બાં ને ભાતભાતનો નાસ્તો હતો. નાસ્તો જોઈ વનુ વાંદરાના મોમાં પાણી આવ્યું. કંઈ પણ વિચાર્યા વિના વનુ કૂદ્યો ને બેત્રણ નાસ્તાનાં ડબ્બા ઝૂંટવી ઝાડ પર ચડી ગયો. જેનો નાસ્તો ગયો તે બાળકો રડવા લાગ્યા. ને અન્ય બાળકોને મજા પડી ગઈ. જેનો ડબ્બો ખાલી થાય એનો વનુ નીચે ઘા કરે. વનુને તો મજા પડી.બાળકો દોડીને કોયલ મેડમ પાસે ગયા. વાંદરાની ફરિયાદ કરી. કોયલ મેડમે આવી વાંદરાને ચાલ્યા જવા કહ્યું. પણ વનુ વાંદરો જેનું નામ, માને તો વનુ વાંદરો શાનો. એને તો વગર મહેનતનું ભાતભાતનું ખાવા મળેલું ! વનુએ કોયલ મેડમ સામે દાંતિયા કરી કહ્યું, ‘‘આ જંગલ કયાં કોઈનું છે. મને ગમશે ત્યાં સુધી રહીશ, તમારે શું ?’’ મેડમ કંટાળી ચાલ્યા ગયા. વનુ વાંદરાએ તો ત્યાં જ મુકામ કરી લીધો રોજ નાસ્તો ઝૂંટવીને ખાવો ને બાળકોને હેરાન કરવા.તાવમાંથી ઊભું થયેલું પપ્પુ પતંગિયું નિશાળે આવ્યું. પપ્પુને જોઈ બાળકોએ કકળાટ કરી મૂક્યો. વાંદરાની ફરિયાદ કરી. બધાની વાતો સાંભળી પપ્પુ કહે, ‘‘તમે ચિંતા ન કરો. આજ આપણે જોઈએ કે વાંદરો શું શું કરે છે.’’‘‘પપ્પુ, તું કંઈક કર. અમને વાંદરાની બહુ બીક લાગે છે.’’ બધાં બાળકોએ બીતાબીતા પપ્પુને વિનંતી કરી. રીસેસ પડી. બાળકો નાસ્તો લઈ મેદાનમાં ગયાં. પપ્પુ પોતાનો ડબ્બો લઈ વાંદરો જે ઝાડ પર બેઠો હતો ત્યાં ગયો. પપ્પુનો ડબ્બો અને નાસ્તો જોઈ વનુ વાંદરાના મોમાં પાણી છૂટયું. કારણ કે ડબ્બામાં શીરો અને પુરી હતા. પપ્પુ ત્રાંસી નજરે વનુ વાંદરાને જોતો હતો. વનુ જેવો નીચે આવ્યો કે પપ્પુ ઊડીને જતું રહ્યું. વાંદરાએ ઠેકડો મારી પપ્પુને પકડવાનો પ્રયત્ન કર્યો. તો પપ્પુ નીચે આવ્યું. વાંદરો છલાંગ મારી જેવો નીચે આવ્યો કે પપ્પુ ઝાડ પર આ બન્નેની રમત જોઈ બાળકો ખુશ થતા હતાં.વનુ વાંદરાનું અહમ ઘવાયું. રોજ સરળતાથી ખાવા મળતું હતું. આ નવીનવાઈનું પતંગિયુ સમજે છે શું એના મનમાં. હમણાં



એને ચપટીમાં ચોળી ન નાખું તો મારૂં નામ વનુ વાંદરો નહીં. એમ વિચારી પપ્પુને પકડવા જેવો નીચે કૂદો એવો પપ્પુ ઉપર. વાંદરાની તો લેફટરાઈટ લેવાઈ ગઈ. પણ અભિમાનની પૂંછડી વનુ પણ એને ક્યાં છોડે એમ હતો. વનુ ઝડપથી ઝાડ પર ગયો કે પપ્પુ બીજી ડાળીએ, બન્ને વચ્ચે સંતાકૂકડીની રમત જામી. વાંદરાને ઽસ ચડી ગયો. ઽસ ખાવા જેવો બેઠો કે પપ્પુવાંદરાના માથે જઈ બેઠો. વાંદરાએ પપ્પુને પકડવા જોરથી હાથ માથા પર માર્યો. પતંગિયુ તો ઊડી ગયેલું. વનુને માથામાં પોતાનો જ હાથ વાગ્યો. સામેની ડાળી પર બેઠેલા પપ્પુ પતંગિયું હી... હી કરી માંડયું હસવા. વાંદરાનો પીત્તો ગયો. ગુસ્સામાં જે માર્યો ઠેકડો કે ડાળી સાથે માથું અફળાયું. તમ્મર આવી ગયા. વાંદરાને ભૂખે અને દુ:ખે હેરાન પરેશાન કરી દીધો.ફરી પપ્પુ વાંદરાના માથે બેસી બોલ્યો, ‘‘કેમ છો વાંદરાભાઈ ? મજા પડે છેને ! નાસ્તો કરવો છે ને ! શીરો અને પુરી તો ખાવાનાં બાકી છે. લ્યો, તમારી જેવું કોણ થાય.’’ કહી પપ્પુએ ડબ્બો ધર્યો. જેવો વાંદરો ડબ્બો લેવા ગયો કે પપ્પુ ભાગ્યો. હવે વનુ વાંદરામાં તેની પાછળ દોડવાની શકિત નહોતી. તે કહે, ‘‘પતંગિયા, તેં આજ ભારે કરી. આટલા દિવસ ખાધેલા નાસ્તાની મજા હવા કરી દીધી. આજ તેં મારો દાવ લઈ લીધો. મહેરબાની કરી કંઈક ખાવા આપ તો સારૂ. બહુ ભૂખ લાગી છે.

‘‘અરે વાંદરાભાઈ ! આ નાસ્તો તો તમારા માટે જ છે. હું ક્યાં ના પાડું છું. પણ તમારા હાથમાં આવતો નથી એમાં હું શું કરૂ.’’‘‘ રોજ તો હું બીજા છોકરાંઓ પાસેથી નાસ્તો ઝૂંટવી ખાઈ લેતો હતો. આજ તારો પનારો પડયો. એમાંય શીરો–પુરી ખાવાની ઈચ્છા એટલે આમ થયું.’’

‘‘તે વાંદરાભાઈ, અમારે તો તમને રોજ નાસ્તો કરાવવો છે. પણ તમારી રીતે નહિ.’’‘‘તો કઈ રીતે મને નાસ્તો મળશે ?, શીરો–પુરી તો મળશે ને ?’’‘‘જરૂર મળશે, પણ વનુભાઈ આ નિશાળ છે. એમાં મારી જેવાં જ બાળકો ભણે છે. એમને નાસ્તામાં ખાવાનું આપેલું હોય છે. તે બાળકો ભૂખ્યા રહે એ કેમ ચાલે ? એક શરતે અમેં નાસ્તો કરાવીએ બોલો.’’‘‘કઈ શરત ભાઈ ? મને તારી બધી શરત મંજુર છે.’’‘‘જુઓ, પહેલાં તો આ બધાં બાળકોની કાન પકડી માફી માંગો. પછી અમારી સાથે નિશાળમાં ભણવા આવતા જાવ. નાસ્તાની જવાબદારી અમારી.’’‘‘તમે રોજ મને સારૂંસારૂં ખાવાનું આપશો તો તમારી બન્ને શરત મંજુર છે. ચાલો હું બધાં બાળ કોની માફી માગવા તૈયાર છું.’’‘‘ ચાલો’’ કહી પપ્પુ અને વનુ આવ્યાં નીચે. વાંદરાને જોઈ બધાં ભાગ્યાં. પપ્પુએ ઊભા રાખી કહ્યું, ‘‘જુઓ બીવાની જરૂર નથી. વાંદરાભાઈ આપણાં મિત્ર બનવા માંગે છે. તમારી માફી પણ માંગવા આવ્યા છે. તમને હેરાન પણ નહિ કરે એવું વચન આપે છે. ચાલો વાંદરાભાઈ શરૂ કરો.વનુ વાંદરો બે કાન પકડી ઊઠકબેઠક કરે છે. એ સમયે વનુ વાંદરાનાં માતાપિતા આવે છે. તેમને કાણા કાગડાએ સમાચાર આપેલા. વનુ વાંદરાની મમ્મી તો દોડીને પપ્પુ પતંગિયાને ભેટી બોલી, ‘‘બેટા પપ્પુ, તારો ખૂબ ખૂબ આભાર. આને કહેવાય પારકી મા કાન વીંધે. એ આનું નામ. વનુનો કાન પકડી પપ્પાએ કહ્યું.’’ હવે તો ડાહ્યો થઈ જઈશને ?’’ વનુ પપ્પાને ભેટી પડયો.વનુ વાંદરાને નિશાળમાં ફરી દાખલ કર્યો. કોયલ મેડમે ટહુકો કરી ગીત ગાયું. બધા બાળકો ગીતમાં સાથે જોડાયા. તે દિવસથી વનુ વાંદરો સુધરી ગયો ને બધા સાથે ભળવા પણ લાગ્યો.

## આદેશાત્મક ચિહનો

બંને દિશામાંથી





આવન–જાવન કરવા પ્રતિબંધ (All Vehicles Prohibited in Both Direction) : આ નિશાની બધાં જ વાહનોને માર્ગનો બંને દિશાઓમાં






ઉપયોગ કરવાની મનાઈઓ આદેશ કરે છે. ટૂંકમાં સદર માર્ગ ઉપર કોઈ પણ વાહનનો કોઈપણ પ્રકારે ઉપયોગ કરવાની મનાઈ છે.

## બાળ દેવદૂત

બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન

પ્રકાશક
જી.બી.મકવાણા
દિગ્વિજયસિંહ ચુડાસમા
વાલજીભાઈ રાઠોડ



૧. બાળકો ઉદ્યાનના છોડ જેવા છે. તેમને કાળજી તથા પ્રેમથી ઉછેરવાં જોઈએ, કારણ કે તેઓ રાષ્ટ્રનું ભવિષ્ય છે. – જવાહરલાલ નહેરૂ ૨. બાળપણનો અર્થ નિર્દોષતા અને રમતિયાળપણું, અભ્યાસ કરવાનો અને સ્વાતંત્ર્યની મજા માણવાનો છે. વચન આપો કે તમે બાળકોને આનંદ કરવાનો હકક આપશો અને તેમને દેશના તંદુરસ્ત તથા શિક્ષિત નાગરિક થવાનો હકક આપશો. – જવાહરલાલ નહેરૂ ૩. બાળકો માત્ર સારા શબ્દો કહેવાને ડાહી ડાહી શિખામણ આપવી તેનો કશો જ અર્થ નથી. આપણે જે કહેતા હોઈએ, તેમાં રહેલું સત્ય જો આપણા જીવન દષ્ટાંત દ્વારા આપણે બતાવી નહીં શકીએ તો પછી આપણાં શબ્દો કે શિખામણની કશી અસર થતી નથી. બાળકોની અવલોકનશકિત બહુ તીક્ષ્ણ હોય છે. આપણી નબળાઈઓ તેઓ તરત પકડી પાડે છે, અને તદ્દન નિર્દયપણે તેની નોંધ લે છે. – શ્રી માતાજી ૪. માતા–પિતા અથવા શિક્ષક બાળકોને જે બીબામાં ઢ ાળવા ઈચ્છે તે બીબામાં ગમે તે રીતે ઢ ાળવાં એ વિચાર અસંસ્કારી અને અજ્ઞાનપૂર્ણ અંધશ્રધ્ધા માત્ર છે. બાળક જાતે જ તેની પ્રકૃતિ વિકસે એવી પ્રેરણા તેને આપવી જોઈએ. બાળકની પ્રકૃતિને ‘સ્વધર્મ’ છોડવા માટે વિવશ કરવાનો અર્થ તેનું કાયમી અહિત કરવું, તેમના વિકાસને રૂંધવો તથા તેની પૂર્ણતાને વિકૃત કરવી એવો જ થાય. આવું વલણ માનવ આત્મા પર સ્વાર્થપૂર્ણ અત્યાચાર છે, એટલું જ નહીં સમગ્ર રાષ્ટ્ર માટે વિઘાતક છે. – શ્રી અરવિંદ ૫. આપણે મા–બાપ ઉંમર અને અનુભવની રીતે મોટા હોઈએ પણ અમૂક બાબતોમાં આપણાં બાળકો આપણાં કરતાં પણ મોટાં હોઈ શકે છે. એમની પાસેની માહિતીના ખજાનાથી અથવા એમના નિષ્કામ – નિર્દોષ કર્મોથી...! – અમિતાભ બચ્ચન ૬. આપણું અગત્યનું કર્તવ્ય બાળકોને હતાશા પરત્વે રચનાત્મક પ્રતિક્રયા આપવાની રીતે શીખવવાનું છે. – હોરસ બી. ઈંગ્લિશ

૭. પૃથ્વી પરના પ્રથમ શિશુને હાસ્ય છોડયું અને હાસ્યના શત શત ટુકડા થયા અને વેરાઈ ગયા ચોમેર જયારે, તે દિન પરીઓના દેશ વસ્યા...! – જેમ્સ એ. બેરી ૮. માત્ર પોતાનાં જ નહીં પરંતુ બીજા માણસોનાં બાળકોનાં સાચા ઘડતર તરફ પોતાનું લક્ષ જે મનુષ્ય કેન્દ્રિત કરી રહ્યો છે, તેનાથી વિશેષ દિવ્ય ઉપદેશાવાળો કોઈ માનવી વિશ્વ વિશે વિચારતો નથી. – સોક્રેટિસ

૯. દૂધ અને પશંસાથી બાળકો મોટું થાય છે. – મેરી લેમ્બ

૧૦. આપણે શાંતિ સ્થાપવા માટે અનેક પ્રયત્નો કરીએ છીએ, આંદોલનો ચલાવીએ છીએ, છતાંય શાંતિ સ્થપાતી નથી, કારણ કે બાળપણમાં માણસના ચિત્તમાં સમભાવના કે સંવેદના પ્રગટ થવાની પૂરતી તકો મળી નથી હોતી, કે એવી ક્રમિકતાનો અનુભવ પણ નથી મળ્યો હોતો. પછી મોટી ઉંમરે ઘણી મથામણો કરો પણ સમય ચૂકાઈ ગયો હોય છે ! – મનુભાઈ પંચોળી ‘દર્શક’

## રૂપાળા હરણ

સાન્તાકલોસની ગાડી સાથે જોડાયેલાં શિંગડાવાળા રૂપાળા હરણ એટલે માંડીને કથ્થાઈ રંગની શરીર પર ઘટ્ટ રૂંવાટી ધરાવતા રેંડિયરને બે પ્રકારના વાળ હોય છે. ઘટ્ટ વાળ પોલા અને હવા ભરેલાં હોય છે. રેન્ડિયરના પગના તળિયાં પણ વિશિષ્ટ પ્રકારના હોય છે.



રેન્ડિયરને તો તમે જોયું જ હશે. તેના અનેક ફાંટાવાળા શિંગડાને કારણે તે સુંદર દેખાય છે. ઉત્તર અમેરિકા, કેનેડા, ગ્રીનલેન્ડ અને અલાસ્કાના બર્ફીલા પ્રદેશોમાં જોવા મળતું રેન્ડિયર શાકાહારી અને પાલતુ પ્રાણી છે. કેટલાંક વિસ્તારોમાં તો તેને બરફ ઉપર સરકતી ગાડી સાથે જોડીને વજન ખેંચવાના ઉપયોગમાં લેવાય છે. રેન્ડિયર પાંચ ફૂટ લાંબુઅને ત્રણ ફૂટ ઊંચું હોય છે. ભૂખરાથી શિયાળામાં જમીન પર બરફ છવાઈ જાય ત્યારે તેના પગના તળિયા ગાદી જેવા બની જાય છે અને ઠંડી ઘટતાં ગાદી સંકોચાઈને ખરી બહાર આવે છે. રેન્ડિયરના શિંગડાં હાડકાં જેટલાં સખત હોતા નથી, પણ સખત સ્નાયુઓના બનેલાં હોય છે, જેની પર રૂંવાટી હોય છે. અનેક ફાંટાવાળાં શિંગડાં ત્રણેક ફૂટ ઊંચા અને ૫ ફૂટ ઘેરાવાનાં હોય છે. શરીર કરતાં શિંગડાં મોટા જેવો ઘાટ છે.



બાલમિત્રો,

આપણામાં એક કહેવત છે, ‘‘જેવું કરીએ એવું પામીએ’’ બીજી પણ એક કહેવત છે.’’ જેવું વાવીએ એવું લણીએ’’ કહેવત સમજાય એવી છે. છતાં પણ થોડી વાત કહીએ.

ખેડૂત તેના ખેતરમાં આંબો વાવે તો કેરી મળે, પણ જો બાવળ વાવે ને કેરીની અપેક્ષા રાખે તો કેરી કયાંથી મળે ? આપણે પરીક્ષાનાં સમયે ધ્યાન દઈને વાંચ્યું ન હોય છતાં સારા માર્કસની અપેક્ષા રાખીએ તો કેવું લાગે ? જેવું કરીએ એવું ફળ મળે. જુઓને સોમવારે નિશાળો ખુલી તમે બધા નવાં વર્ગમાં ગયા. નવા વિષયો ભણાશો. નવા શિક્ષકો આવશે. નવા નવા અનુભવો થશે. કયારેક રસ પડે ને કયારેક ન પણ પડે. છતાં ભણવાનું તો છે જ એટલે જીવનમાં આગળ વધવું હોય તો મક્કમ મન કરીને કામે લાગી જવું. નહિતર પાછળથી પષ્તાવાનો વારો આવશે. મોટા થવા પછી અફસોસ થશે તે નાનપણમાં ભણ્યા નહિ. ભણ્યા હોય તો સારૂ થાત..

માટે, અત્યારે તમારા જીવનનો સુવર્ણકાળ ચાલે છે. એનો મહત્તમ ઉપયોગ કરી લેજો..



## ‘શ્રમનું સુખ’

તે નગરનો રાજા પ્રજાવત્સલ, પણ રાણીને કપડાં અને ઘરેણાંનો ખૂબ જ શોખ. કયારેક સોનાનાં કર્ણફૂલ, કયારેક હીરાનો હાર, તો કયારેક સાચા મોતીનો હાર. કપડામાં ભાગલપુરી ટસર અને ઢ ાકાનું મલમલ. રાતે સૂતી વખતે ફૂલોની સેજ. ખીલેલાં ફૂલ નહિ, પણ અધખીલેલી કળીઓ. તે કળીઓ રાતભરમાં ખીલીને પુષ્પો બની જતી. નોકરો રોજ અધખીલેલી કળીઓ ચૂંટચૂંટીને લાવે અને દાસીઓ સેજ સજાવે.બન્યું એવું કે એક દિવસ અધખીલેલી કળીઓ સાથે ખીલેલી કળીઓ પણ સેજ પર બિછાવવામાં આવી. તેને લીધે રાણી ખૂબ જ બેચેન બની ગઈ. ખીલેલી કળીઓ ખૂંચતી હતી, તેથી રાણીને બિલકુલ ઉંઘ ન આવી. ખીલેલી કળીઓ તેને કઠતી રહી.ખંડમાં દીપકનું અજવાળું રેલાતું હતું. તે દીપક દેવથી ન રહેવાયું, એટલે કહ્યું :‘રાણીજી ! કોઈ મકાન ચણાતું હોય ત્યારે તને પથ્થરો ઉઠાવવાનું અને ચૂનો દેવાનું કહેવામાં આવે, તો તને કેવું લાગે ? શું પત્થરો ઉપાડવાનું તને કળીઓના ખૂંચવાથી વધુ તકલીફ આપશે ?’રાણીએ તે સવાલનો કોઈ જવાબ ન દીધો, પણ રાજા જાગી ગયો. તેણે દીપકની બધી વાતો સાંભળી લીધી.રાજાએ રાણીને કહ્યું :‘તું દીપક દેવના કહ્યા પ્રમાણે કરી તો જો. તેની આજ્ઞા તોડવી, તે બરાબર નથી.’રાજાના







કહેવાથી રાણી તૈયાર થઈ. રાજાએ લાકડાની પેટી બનાવરાવી અને તેમાં રાણીને બંધ કરીને નદીમાં વહેતી મૂકી. પેટી વહેતી–વહેતી બીજા રજવાડાના કિનારે પહોંચી. ત્યાંનો રાજા તેનો બનેવી થતો હતો. પેટી ખોલીતો તેમાંથી સ્ત્રી નીકળી. રાણી ચીંથરે હાલ કપડામાં હતી. તેથી કોઈ તેને ઓળખી ન શકયું.તે સમયે રાજાનો નવો મહેલ ચણાતો હતો, તેથી મજૂરોની જરૂર હતી. રાજાએ તેને પૂછયું : ‘તું શું કરવા માગે છે ?’‘હું પત્થરો સારવાની મજૂરી કરીશ.’રાજાએ તેને તે કામ માટે રાખી લીધી. રાણી દિવસભર પથ્થરો સારવાની મજૂરી કરવા લાગી. મજૂરીના થોડા પૈસામાંથી ગુજરાન ચલાવતી. કઠોર પરિશ્રમ પછી જે લૂખ્ખું સૂકું મળતું તે ખાઈ લેતી. રાતભર ચટાઈ પર ઘસઘસાટ સૂતી. મળસ્કે ઊઠીને, નિત્યકર્મ પતાવીને ઉમંગ–ઉત્સાહથી કામ કરતી.આ રીતે ઘણા દિવસો વીત્યાં.એક વાર રાજા પોતાના બનેવીને ત્યાં કોઈ કામે આવ્યો. આમે ય રાણી વિના તેનું મન કામમાં ચોટતું નહોતું. રાજાએ પોતાની રાણીને અચાનક મજૂરણની હાલતમાં જોઈ તે તરત જ રાણીને ઓળખી ગયો. ખૂબ શ્રમ કરવાથી હૃષ્ટપુષ્ટ પણ થઈ હતી.રાજાએ હસીને રાણીને પૂછ્યું : ‘ કળીઓ કઠતી હતી, પણ પથ્થરો ખૂંચતા નથી.’રાજાનો બનેવી તે બંનેને વાતો કરતા જોઈને નવાઈ પામ્યો. રાજાએ તે બનેવી–રાજાને બધી વાત કહી સંભળ ાવી. બનેવીને ખૂબ જ નવાઈ લાગી. સાથોસાથ દુ:ખ પણ થયું. તેણે રાણીના હાથમાંનોપથ્થર ફેંકી દીધો અને માફી માગી. પછી રાણીને આરામથી રહેવા, ખાવાપીવાની સગવડ કરી આપી.

થોડા દિવસો પછી રાજાએ રાણીને પૂછ્યું : ‘બોલ, હવે કેવું લાગે છે ?’‘હવે તે આનંદ ક્યાં ? આળસ મારી નજીક આવવા માગે છે. લાગે છે કે ફરી ફૂલની કળીઓ કઠશે.’‘રાણી, આપણે બે ય સાથે મળીને દિવસભર મજૂરી કરએ અને રાત કળીઓની સેજ પર સૂઈએ, તો ?’‘પણ પછી કળ ીઓની જરૂર જ નહિ રહે. શ્રમમાં જ સાચું સુખ છે. જે માણસ પરિશ્રમ કરે છે, તેને રાતે પથારીમાં પડતાવેંત ઘસઘસાટ ઉંઘ આવી જ જાય !!’

## ટાબરીયાનું જંગ : હાર કે જીત


જંબૂરા ! જિંદગીનાં જંગમાં અંતે હાર કે જીત છે; જગ કલ્યાણ કાજે ઝૂઝવું જીવવાની સાચી રીત છે. હટવું ના, ખસવું ના, ડગમગવું ના, કેમ ભયભીત છે ? આગે બઢો, આગે બઢ ો, બસ આગે બઢોનું ગીત છે.સવાર નવો ઉત્સાહ લઈને આવી. દિવસોથી વિખૂટા પડેલા અંકલપપ્પાને યમલોકમાંથી પણ પૃથ્વી પર લઈ આવવાનો દઢ સંકલ્પ તેઓ કરી ચૂકયા હતાં. હા, ભૂલાવામાં ન પડી જવાય એ રીતે નિશાનીઓ કરીને નાયક પાસે આજે જ પહોંચી જવાય એવી ગણતરીઓ પણ માંડી રહ્યાં.વિશુ મોખરે હતો. દિશુ નિશાનીઓ કરવાની હતી. આજે રસ્તો સહેજ બદલ્યો હતો. આજે સવારથી હીરોનું શરીર ધગી રહ્યું હતું. પણ શરીરે ભીના નેપ્કિન વીંટાળ વા સિવાય અન્ય કોઈ ઉપાય નહોતો. ગ્રાઈપવોટરની બાટલી સિવાયની બીજી દવાઓ ગાડીમાં જ રહી ગઈ હતી. જંગલમાં જ ચાલવાનું હતું. કોઈ કેડી નહોતી. કોઈ ચીલો નહોતો. જયાં ડગ માંડી રહ્યાં હતાં એ જ અત્યારે તો રસ્તો હતો. બપોર સુધી તો આંધળુંકિયાં જ કર્યે રાખ્યાં.પછી ઊંચા ઊંચાં સૂક્કાં ઘાસમાંથી કોક ત્યાંથી પસાર થયું હોય એવાં નિશાન દેખાયાં. તેઓ હરખાઈ ગયાં. દિશાએ કહ્યું કે એ અંકલનાં ગમબુટનાં જ નિશાન જણાય છે. હવે આછાં આછાં ઘાસમાંથી પણ પગેઢં શોધતાં જઈને આગળ વધતા રહ્યાં.માંડ અડધો કલાક ચાલ્યાં હશે ને પથરાળ જમીન આવી. એક બે જગ્યાએ પગેઢં જણાયું. પછી કંઈ ખ્યાલ નહોતો આવતો. છતાં અનુમાનને આધારે ચાલ્યા કર્યુ. પછી એક કોતર દેખાઈ. કોતરમાં પાણી નહોતું. માત્ર કાદવ કીચડ નજરે પડયા. દેડકાંના પૂંછડીવાળાં બચ્ચાંઓનાં સરકવાથી કાદવ પર લીસોટા પડી રહ્યા હતા. દિશાએ અંકલનાં ગમબુટનાં તળિયું કાદવમાં અંકિત થયેલું શોધી કાઢયું. પછી ચોંટેલા કાદવવાળા પગેરાનાં નિશાન. નક્કી અંકલ આ રસ્તેથી જ ગયા છે એવું દિશાએ સેને ગમબુટનાં નિશાન દેખાડતાં કહ્યું. વિ કહ્યું કે જો એ વાત સાચી હોય તો હવે તેમણે વધારે સાવધાનીપૂર્વક આગળ વધવાની જરૂર છે.બપોર ઢળે એ પહેલાં મહુડાનાં ઝાડવાંની હારમાળા વચ્ચેથી પસાર થતાં થતાં થોડો પોરો ખાવા માટે થોભ્યાં. દિશાએ ઝાડવાં નીચેનાં સૂક્કાં ફૂલો વીણ્યાં. ધરાએ કહ્યું કે તેને પાણીમાં બોળી રાખીને પછી ખાઈએ તો મજા આવશે. લો બોળી દીધાં. વિ તેઓએ કેટલુંક અંતર કાપ્યું હશે તેનો અંદાજ લગાવ્યો. ધરાએ કહ્યું કે હવે એકાદ ગામ અથવા છૂટાછવાયાં ઝૂંપડાં આવવા જોઈએ. પછી મહુડાનાં ફૂલ ચાખી જોયાં. દરરોજ ખાટાં ફળો ખાઈને કંટાળ ેલા તેઓને આ વધારે સ્વાદિષ્ટ લાગ્યાં. દિશા બહુ ખુશ થઈ. પણ ધરાએ આનાથી માણ ચઢશે કહી વધારે ન ખાવા દીધાં. **(ક્રમશઃ)**

# વાહ નસીબ

## બકોર પટેલની કહાણીઓ

હરિપ્રસાદ વ્યાસ ગાંડીવ : લાલગેટ, ચૌટાપૂલ, સુરત-૩૯૫૦૦૩

પણ ફાળાની વાત નક્કી થઈ નહિ, વાત એટલેથી જ અટકી. મિત્રોએ ઘણી રકઝક કરી. પણ પટેલ એકના બે ન થયા.બધાં મિત્રો વિખરાવાની તૈયારીમાં હતા એટલામાં ગાડરખાં ઘી વાળાએ ઊભા થઈ કહ્યું : ‘‘પટેલ સાહેબ ભલે કબાટ ન આપે. પણ દેવદિવાળીને દિવસે નવા મકાનમાં ધામધૂમથી પુસ્તકાલય ખલ્લું મુકાશે જ અને તેય નવા કબાટ સાથે. એનો ખર્ચ હું વેઠી લઈશ.’’પછી હસતાં હસતાં ‘સાલ મુબારક’ કરી બધાં મિત્રો છૂટા પડયા.આ વાતને પાંચેક દિવસ થયા હશે. શકરી પટલાણી દિવાળીમાં તારાપુર ગયાં હતાં. પેઢી પરથી આવી પટેલ દીવાનખાનાના હીંચકે એકલા ધીમું ધીમું ગાયન ગાતા હતા. સિનેમા જોતાં થયા, ત્યારથી એમને ગાયન લલકારવાનો શોખ લાગ્યો હતો.એટલામાં ગાડરખાં ઘી વાળાએ બહારથી જ બૂમ મારી : ‘ ‘પટેલ સાહેબ, આવું કે અંદર ?’’હીંચકે બેઠાં બેઠાં જ પટેલે કહ્યું : ‘‘આવો, આવો. પટલાણી નથી એટલે મારો તો વખત જ જતો નથી.’’ગાડરખાં ઘી વાળા મલકાતાં મલકાતાં અંદર આવી ખુરસી પર બેઠા, ને પટેલ કંઈ વાતચીત કરે તે પહેલાં એમને હાથમાં એક પરબીડિયું મૂકયું ને કહ્યું : ‘‘પટેલ સાહેબ ! તમે ભારે નસીબદાર છો. કહેવત કંઈ ખોટી નથી. કે મોટાનું નસીબ મોટું. લો, આ તમારા નામે !’’ગાડરખાંએ હસી પડતાં કહ્યું : ‘‘પટેલ–સાહેબ, તમે તો જાણો છો કે હું ઘીનો વેપાર કરૂં છું. દિવાળીના ટાંકણે ઘીના ભાવ ચઢી ગયા ને તેમાં સારી કમાણી મને થઈ. પરમ દિવસે મને વિચાર થયો કે, લાવ,



થયેલા નફાના સો રૂપિયા.’’ પરબીડિયું ખોલી અંદરની નોટો બહાર કાઢતાં કાઢતાં પટેલનાં ચશમાં નાક પરથી સરી પડયાં અને બાઘાની માફક જોઈ રહેતાં બોલ્યા : ‘‘અરે, ગાડરખાં ! આ નફો શાનો ? મેં તો તમારી સાથે કોઈ વેપાર કર્યો નથી આપણા કોઈ મિત્રનું પણ નસીબ અજમાવીએ ! એટલે તમારા નામથી મેં પચ્ચીસ ડબ્બા ઘીનો સોદો કર્યો. ગમ્મતની વાત એ બની કે ઘીના ભાવમાં ડબ્બે ચાર રૂપિયા વધી ગયા. પચ્ચીસ ડબાના વેપારમાં તમને પૂરા સો રૂપિયા મળ્યા.’’

# આરતીની માનવતા

મધ્ય ગુજરાતના એક નાનકડા શહેરમાં આરતી રહે. ૧૬ વર્ષ એની ઉંમર, બોર્ડની પરીક્ષામાં સારા ટકાએ પાસ થઈતે કાલેજમાં દાખલ થઈ હતી.

કોલેજની વાર્ષિક પરીક્ષા આવી. આરતી સાયકલ લઈને પરીક્ષા આપવા જતી હતી.

સમય જોવામાં ભૂલ પડીને તે ઘરેથી મોડી નીકળી. તે ઉચાટમાં ને ઉચાટમાં તેજ ગતિએ સાયકલ ચલાવી રહી હતી. તેવામાં તેની નજર વળાંક પર ડાબી બાજુએ બેઠેલી એક સ્ત્રી પર પડી. તેણે નજીક આવતાં ધ્યાનથી જોયું તો મહિલાના નાકમાંથી સતત લોહી વહેતું હતું. આજે તેની માનવતાની અને જીવનની બે પરીક્ષા હતી. પરીક્ષામાં ગેરહાજર રહે તો તેનું આખું વર્ષ બગડે તેમ હતું. બીજી તરફ તડપતી અસહાય મહિલા પર તેની દષ્ટિ ગઈ અને તેના પગ થંભી ગયા. પરીક્ષા બગડે તો ભલે બગડે તેણે આ અસહાય મહિલાને નર્સિંગ હોમમાં લઈ જવાનો નિર્ણય લઈ લીધો. ત્યાં થોડી વારે એને એક રિક્ષાવાળો મળી ગયો.રિક્ષાવાળો પેલી મહિલાને બેસાડી ખાનગી



નર્સિંગ ‘માનવતા પુરસ્કાર’ પ્રાપ્ત કરતી આરતી હોમમાં લાવ્યો. તેની પાસે જેટલા રૂપિયા હતા તે બધા દાકતરને આપી દીધા અને વિનંતી કરી કે, તેઓ હમણાં તેને જવા દે. કારણ કે તેને પરીક્ષા માટે હાજર થવાનું છે.આરતીએ સાયકલ ત્યાં મૂકી. રિક્ષાવાળો તેને પરીક્ષા ખંડ સુધી લઈ ગયો. પટાવાળાએ આરતીને પરીક્ષા ખંડમાં જતાં રોકી. તેને પ્રિન્સીપાલ પાસે લઈ ગયો. પ્રિન્સીપાલે આરતીની મોડા પડયાની વિગતે વાત સાંભળી.

પ્રિન્સીપાલે પોતાને મળેલી સત્તાનો ઉપયોગ કરી આરતીને પરીક્ષામાં બેસવા દીધી. આરતીએ ઓછા સમયમાં તમામ પ્રશ્નોના ઉત્તરો ટૂંકા ને મુદાસર લખી નાખ્યાં.

પરીક્ષા પૂરી કરીને આરતી નર્સિંગ હોમમાં ગઈ, પેલી મહિલાને હવે ઘણું સારૂં હતું. તેણે આરતીને ગળે લગાડીને ખૂબ વહાલ કર્યુ.પરિણામ આવ્યું. તે સારા માર્કે વર્ગમાં પ્રથમ નંબરે પાસ થઈ હતી.


પ્રિન્સીપાલ આરતીના આ સાહસભર્યા ને માનવતાભર્યા કાર્યથી ખુશ હતા. એમણે સ્ટાફ સાથે વિચાર વિમર્શ કરીને બાળાઓના માનવતાવાદી ગુણોને પ્રોત્સાહિત કરવા એક વિશિષ્ટ પુરસ્કારની ઘોષણા કરી.આવી પરગજુ ને માનવતાવાદી આરતીને ગુજરાતની પ્રજાના લાખ લાખ ધન્યવાદ !!

# આ છે વન કૂકડા

આપણે ત્યાં જાતજાતનાં ને ભાતભાતનાં પંખીઓ હોય છે. જંગલમાં તો પંખીઓની વિવિધતા અને વિપુલતા અપાર માત્રામાં હોય છે. જંગલનાં પંખીઓ ગામ–સીમમાં ભાગ્યે જ દેખાય. આવું જ એક જંગલનું પંખી એટલે રાખોડી વનકૂકડો છે.ઘર આંગણાની પાલતુ મરઘી કરતાં રાખોડી વનકૂકડો દેખાવે જુદો છે. નર ધોળાશ પડતા ભૂરા રંગનો છે. તેની પૂંછડી ધાતુ જેવા ચળકતા કાળા રંગની અને દાતરડા જેવી છે, તેના શરીરે રેખાઓ છે. આ બધા રંગો અને માથાં પરની લાલ કલગીથી નર બહુ શોભે છે. માદાનું પેટાળ ધોળું હોય છે. એમાં ભીંગડાં જેવી કાળી આકૃતિઓ હોય છે.તે ગુજરાતમાં ડાંગ અને ઉત્તર ગુજરાતના જંગલવાળા વિસ્તારમાં જોવા મળે છે. ભારતના પશ્ચિમ ભાગમાં તેની સારી એવી સંખ્યા છે. ખડકાળ પ્રદેશ



અને વાંસના જંગલમાં તે એકલો, જોડીમાં કે નાના ટોળામાં જોવા મળે છે. તે ઘણું શરમાળ અને બીકણ પંખી છે. માણસને જોતાં જ તે ડોક આગળ લંબાવીને અને પૂંછડી નીચી કરીને ઝાડીમાં ભાગી જાય છે.ખોરાકમાં તે અનાજના દાણા, કૂણું ઘાસ, બોર જેવાં ફળો તેમ જ પેપડાં, ઉમરા ખાય છે. જીવાતો, ઈયળો અને કીડા પણ તેને ભાવે છે.તે આપણા સામાન્ય કૂકડાની જેમ ‘કૂકકે કૂક’ એમ નથી બોલતો, પરંતુ ’કુકયા... ક્યા કૂકૂ...’ એવો અવાજ કરે છે. બોલતાં પહેલાં તે જોરથી પાંખો વીંઝીને પટપટાવે છે. સૂકાં ઝાડના ઠૂંઠા




પર કે કોઈ ઊંચાઈ પર ચડીને તે બોલે છે ત્યારે તેનો અવાજ જંગલ પરિસર સાથે ભળીને મજાનું વાતાવરણ ખડું કરે છે. એ વખતે જંગલના બીજા મુરઘા તેનો સામે જવાબ આપે છે.બીજો એક લાલ જંગલી મુરઘો આપણે ત્યાં બહુ જૂજ માત્રામાં જોવા મળે છે. ઉત્તર ભારતના જંગલોમાં તે બહુ વ્યાપક છે. આ કૂકડો આપણા પાળેલા કૂકડાનો પૂર્વજ ગણાય છે, તેથી તે પાળેલા મુરઘાને ઘણો મળતો આવે છે.

# ચિત્રમાં રંગ પુરો

બાલ એક્સપ્રેસ

પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ શ્રી દિપક હાઈસ્કુલ શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી મો.૯૪૦૮૧ ૫૫૦૯૨



# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

**સ્કંધ બીજો**

૧. જેનું ચિંતન સતત તેનું મરણકાળે સ્મરણ.

૨. મુનષ્યનો ઘણોખરો સમય નિદ્રામાં અને અર્થોપાર્જનમાં જાય છે. ઘણો સમય વાતો કરવામાં જાય છે. કેટલાકનો વાંચવામાં જાય છે. બહુ વાંચવાથી શબ્દજ્ઞાન વધે છે પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે.

૩. ભૂતકાળનો વિચાર કરવાથી કંઈ લાભ નથી, તું તારા વર્તમાનને સુધાર.

૪. કાળ આવતાં પહેલાં કાગળ લખે છે, પણ કાળનો કાગળ કોઈને વાંચના આવડતો નથી. ઉપરનું છાપરૂં ધોળું થવા લાગે, ત્યારે માનજો કે કાળની નોટિસ આવી છે. દાંત પડવા લાગે, ત્યારે માનજો કે કાળની નોટિસ આવી છે.પ. અરૂધતીની તારો ન દેખાય તો સમજજો કે એક વર્ષમાં મરીશ. સ્વપ્નમાં શરીરમાં કાદવમાં ખૂચતું દેખાય તો માનવું કે નવ માસમાં મારૂ મૃત્યુ છે. સ્વપ્નમાં કુંમારના હાથી (ગધેડા) ઉપર બેસેલો દેખાય તો માનવું કે છ માસમાં મારૂ મૃત્યુ છે. કાનમાં આંગળી નાખ્યા પછી અંતર ધ્વનિ ન સંભળાય, તો માનજો આઠ દિવસમાં મરીશ.

૬. મનને વારંવાર સમજાવવું કે ઈશ્વર સિવાય મારૂ કોઈ નથી. ભાવના કરો, મારૂ કોઈ નથી, હું કોઈનો નથી.

૭. તૃપ્તિ ભોગમાં નહીં, ત્યાગમાં છે.

૮. સમતા સિધ્ધ કરવા સૌ સાથે મમતા રાખો. વ્યકિતગત મમતા દૂર કરો.

૯. ઈન્દ્રિયોને ભોગથી શાંતિ મળતી નથી, પ્રભુસ્મરણથી–પ્રભુસેવાથી શાંતિ મળે છે.

૧૦. માનવશરીરે ભોગ ભોગવવા માટે મળ્યું નથી. માનવશરીર તો ભજન કરી ભગવાનને પ્રાપ્ત કરવા માટે મળ્યું છે.

# જીવન શિલ્પને આકાર આપે છે – નિયંત્રણ

## જ્ઞાનજયોતિ

શ્રી ગિજુભાઈ ભરાડ

મનુષ્ય જો પોતાના મન સાથે સારી રીતે કામ પાડવા ઈચ્છે તો એણે પોતાને માટેના જ નિયમો બનાવવા પડે છે. મહાપુરૂષોના જીવન ચરિત્રોનો અભ્યાસ કરીએ તો ખ્યાલમાં આવે છે કે તેમણે પોતાના પર મૂકેલા નિયંત્રણો એટલા બધા હોય છે કે સામાન્ય મનુષ્યો માટે એમાંના થોડાકનું પણ પાલન કરવાનું મુશ્કેલ બની જાય. જેઓ નિયમ પ્રમાણે ચાલે છે એનાથી યમ પણ દૂર રહે છે. પોતાના પર મૂકેલા બંધનો દ્વારા જ જીવન એક નિયંત્રિત સ્વપરૂમાં ઢળવા લાગે છે એન એને એક આકાર મળે છે. સ્વનું ઘડતર કરવાનો આરંભિક એકડો જ નિયંત્રણ છે. જેઓ સ્વનિયંત્રણમાં સફળ બને છે તેઓ પછીથી આખા જગતને નિયંત્રણ કરી શકે છે. અનિયંત્રિત વ્યકિતત્વ સમાજ માટે બોજારૂપ બને છે. જેને આપણે નિયંત્રણ કહીએ છીએ એ વાસ્તવમાં એક પ્રકારની શિસ્ત છે. પ્રવાસમાં, ખર્ચમાં, ખરીદીમાં નિયંત્રણ રાખવું એ આર્થિક શિસ્ત છે, ખોરાકમાં શું ખાવું અને શું ન ખાવું એના નિયમોનું પાલન કરીએ એ શારીરિક શિસ્ત છે અને શું બોલવું શું ન બોલવું નો વિચાર કરી શકીએ તો એ માનસિક શિસ્ત છે. નિયંત્રણોથી, નિયમોથી ઘડાયેલું જીવન ઉપકારક અને મહેકતું હોય છે.

# ઉધ્ધાર થઈ ગયો !!

## શ્રી અરવિંદ જીવનધારા

ગુજરાત સાહિત્ય અકાદમી લેખકશ્રી : જયોતિબહેન થાનકી

ત્યારે કમ્બરલન્ડમાં પાદરીઓની સભા ભરાઈ હતી. દાદીમાએ અરોને કહ્યું : ‘‘તું મારી સાથે ચાલ ને, આપણે દેવળમાં દર્શન કરવા જવું છે.’’ તે વખતે તેઓ દશ વર્ષના જ હતા. દાદીમાના મનમાં કોઈ યોજના છે, એનો તો એમને ખ્યાલ જ કયાંથી હોય ? તેમને એમ કે તેઓ એકલાં જાય છે, એટલે પોતાની સાથે તેમને લઈ જવા ઈચ્છે છે. તેથી ત્યાં ગયા. ઘણા બધા પાદરીઓની એ ધર્મસભા હતી. ત્યાં પ્રાર્થના, પૂજા, વિધિઓ બધું થયું. એ પૂરૂં થતાં ઘણા વો કો ચાલ્યા ગયા. અરવિંદ પણ જવા ઉતાવળા થતા હતા, પણ દાદીમા નીકળવાને બદલે, તેઓ તો મુખ્ય પાદરી પાસે ગયાં ને કંઈક વાત નહી.. થોડી વાર થઈ ત્યાંએક પાદરી અરવિંદ પાસે આવ્યો, અને તેમને પ્રશ્નો પૂછવા લાગ્યો. પણ અરવિંદ તો એટલા શમરાળ હતા કે ઘરમાંય બહુ બોલતા નહીં. તો આ તો સભામાં પાદરીની સાથે વાત કરવાની હતી ! મને વળી તેમને સમજાતું નહોતું કે આ પાદરી એમને આટલા બધા માણસોની અને આવું બધું શા માટે પૂછી રહ્યો છે ? સંકોચને લઈને તેમણે પાદરીએ પુરબલા એક પણ પ્રશ્નનો જવાબ આપ્યો નહીં. તેમનું મૌન જોઈને બધા પરદ રીઓ વધુ ખુશ થઈ ગયા ને બોલી ઊઠ્યા કે, ‘‘તેનો ઉદ્ધાર થયો છે, ભાર થયો છે.’’ શેનો ઉદ્ધાર થયો એ તો અરવિંદને ત્યારે ખબર જ ન પડી. તેઓ તો આ બધું જોઈ જ રહ્યા. ત્યાં એક પાદરીએ તેમને પૂછ્યું : ‘ ‘તને ના આવડે છે ?’’ તેમણે ડોકું હલાવી હા પાડી, એટલે તેણે કહ્યું : ‘‘બોલ જોઈએ’’ દરરોજ રાત્રે સૂતી વખતે તેઓ જે પ્રાર્થના યંત્રવત્ બોલી જતા હતા એમ જ એ પ્રાર્થના બોલી ગયા. એ સાંભળીને સર્વ પાદરીઓએ જાહેર કર્યું ‘‘એમનો ઉદ્ધાર થઈ ગયો.’’ પણ દાદીમાએ પછી તો એમને ઘણાં દેવળોમાં લઈ જઈને દર્શન કરાવડાવ્યાં. તે દિવસે અરવિંદ એવા તો કંટાળી ગયા જયારે તેઓ ઘેર પહોંચ્યા ત્યારે તેમને થયું કે ‘હાશ, હવે છૂટ્યા.’ પણ એક પર આત્માનો ઉદ્ધાર કરી દીધાનો દાદીમાને સંતોષ થયો.

# દેખાદેખીથી દૂર રહો

## માનસિક શાંતિનાં સચોટ ઉપાયો

લેખક શ્રી એન.સત્યનારાયનન્

તમારે ‘સ્કૂટર’ની જરૂરિયાત ના હોય, પણ તમારા બધા જ મિત્રો ‘સ્કૂટર’ પર આવતા હોય ત્યારે તમને સ્કૂટર ખરીદવાની ઈચ્છા થાય. આવા પ્રસંગે સ્કૂટર ખરીદવા માટેના પૈસા મેળવવાની તમારી ચિંતા કરવી જોઈએ નહીં. સ્કૂટરની જરૂરિયાત તો નથી જ. ‘ બીજા પાસે સ્કૂટર માટે મારે પણ સ્કૂટર જોઈએ જ’ આવી લાલચમાં પડવું નહીં. તમારા પડોશીઓએ તમના પુત્રોને કેલીફોર્નિયા અને કેમ્બ્રિજમાં ભણવા મોકલ્યા છે માટે ‘મારે પણ મારા પુત્રોને ત્યાં મોકલવા જોઈએ’ એવી લાલચમાં પડીને તમારી જાતને સંતાપ પહોંચાડવો જોઈએ નહીં. આમ દેખાદેખીથી માનસિક સંતાપ વધે છે, માટે તેનાથી દૂર રહેવું.

# ‘એ સમન્વય’ – કેશુભાઈ ભાવસાર

## ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

કોંગ્રેસ કારોબારીની એક બેઠક વર્ધામાં ૧૯૪૧માં મળેલી. હું ત્યારે નજીકના સેવાગ્રામમાં ખાદી વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો, એટલે મને એ જોવાનો લાભ મળ્યો.

ત્યાં મેં જોયું કે કોંગ્રેસ પ્રમુખ અબુલ કલામ આઝાદ મંચની બેઠક પર આડા પડયા પડયા સિગારેટના દમ ખેંચી રહ્યા હતા. પાસે બેઠેલા ગાંધીજી એક ધ્યાન બનીને ચરખો ચલાવતા હતા. આ દશ્ય જોતાં જ મારા દિલને ભારે આઘાત લાગ્યો. આવી સભામાં આડેપડખે પડીને સિગારેટ પીવી, તેમાં મને પ્રજાનું અપમાન જણાયું. લોકોને સાદા, સંયમી અને મહેનતુ બનાવી સત્ય અને અહિંસાની તાલીમ આપવાનો પ્રયાસ ગાંધીજી ત્યારે કરી રહ્યા હતા. તેમના અદના સૈનિક બનવાની હોંશ મારા જેવા ઘણા લોકોની હતી. તેમાં મોટી ફાચર આ જોઈને મારા દિલમાં પડી ગઈ. પણ તે વખતે હું ગમ ખાઈ ગયો.

પછી ૧૯૪૨ની લડતમાં હું જેલમાં ગયો ત્યાં મેલાના આઝાદનું ‘કુરાન’ ઉપરનું પુસ્તક વાંચ્યું, ત્યારે એમની વિદ્વત્તાને ઉમદા ભાવના આગળ મારૂ મસ્તક નમી પડયું. સાથે સાથે મને એમ પણ થયું કે આવી મહાન પ્રતિભાવાળા પુરૂષો નિર્વ્યસનીને સાદું જીવન પણ જીવતા હોય તો કેવું સારૂં !બીજી બાજુ નિર્વ્યસની ને શ્રમજીવી લોકોનેજોઉં છું ત્યારે મારા મનમાં એ લાગણી પણ જાગે છે કે એમનામાં મેલાના આઝાદના જેવી નીડરતા, દેશ માટે ખુવાર થવાની અને સમાનતાની ભાવના હોત તો કેવું સારૂં થાત ! દેશ માટે સહન કરવાની તૈયારી વગરના અને ટૂંકી દષ્ટિવાળા લાખો લોકો ભલે સાદા ને સંયમી હોય, પણ તેથી ગાંધીજીનું સ્વપ્નું સિદ્ધ થાય ?આજે વિચારતાં એવું લાગે છે કે એ બંને પ્રકારના લોકોના સમન્વય માટે જ ગાંધીજી મથતા રહેલા. અબુલ કલામ આઝાદના વ્યસનને તેમણે નિભાવી લીધું, તેમ અમારા જેવા સંયમી જીવન જીવનારા છતાં એકબીજાને જરાય સહન ન કરી શકનારા ઘમંડી કાર્યકરોને પણ તેમણે નિભાવ્યા. આ બંને પ્રકારના લોકોનો સમન્વય હજી આપણે કરવાનો છે. સાદું, સ્વાવલંબીને નિર્વ્યસની જીવન તો ખરૂં જ; પણ સાથોસાથ નીડરતા, ઉદારતા અને કરોડો દુઃખી અજ્ઞાન લોકો માટે ખપી જવાની ભાવના એ બધું આપણા જીવનમાં સામટું પેદા થશે ત્યારે જ આપણે સાચી આઝાદી પામશું.

# અસફળતાનું રહસ્ય

## બાળ નિર્માણની વાર્તાઓ

ડો.આશાબહેન એ.શાહ – સરસિજ

એ સ્ત્રી બોલી ‘‘અમે બધા ઘડો બાંધીને પાણી ખેંચીએ છીએ અને વારંવાર ત્યાં ઘડા મૂકીએ છીએ એથી ત્યાં ખાડા પડી ગયા છે.’’

આ વાતથી વોપદેવના મન પર ઘણો પ્રભાવ પડયો. તે કેટલીય વાર ત્યાં ઊભો ઊભો વિચારવા લાગ્યો.

એ સ્ત્રીએ એને ફરીથી પુછયું ‘‘બેટા ! તું ઘણો જ ઉદાસ દેખાય છે. શું વાત છે ? અત્યારે રાત પડવા આવી છે. છતાં આમ એકલો કેમ ઊભો રહ્યો છે ? તારે કયાં જવુ છે ?’’

એ સ્ત્રીની સ્નેહભરી વાણી સાંભળીને વોપદેવની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. એણે બધી જ વાત કહી કે ગુરૂએ મને કેવી રીતે આશ્રમમાંથી કાઢી મૂકયો છે. બધી વાત સાંભળીને પેલી સ્ત્રીએ સમજાવ્યો કે ‘‘ભાઈ ! દુનિયામાં એવું કયું કાર્ય છે કે જે કાયમના અભ્યાસથી અને ખંતથી પૂરૂં ન કરી શકાય. આ માટીનો ઘડો



જો. કયાં માટી અને કયાં આ પથ્થર. બંનેની સરખામણી થાય ખરી ? પરંતુ દરરોજના અભ્યાસથી માટી પથ્થરમાં પણ ખાડો પાડી દે છે. તું પણ દરરોજ એ પ્રમાણે મહેનત કરે તો વિદ્વાન બની શકે છે.’’

‘‘પણ મારા મિત્રો મૂર્ખ કહીને મારી મજાક કરે છે મને હેરાન કરે છે.’’ **(ક્રમશઃ)**

# શ્રેષ્ઠ પરોપકારી કોણ

## વિક્રમ – વેતાલ

૨૫-વાર્તાઓ

સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ

આમ વેતાલે વાર્તા પૂરી કરી. વેતાલે કહ્યું. ‘હવે ન્યાય કરો, રાજાવિક્રમ.’

‘એમાં ન્યાય શું કરવાનો ? સુવર્ણલતા મરી ગઈ, જેવી કરની એવી ભરની.’ રાજા વિક્રમે કહ્યું.

સવાલ : વેતાલે પૂછ્યું – ‘આ વાર્તામાં શ્રેષ્ઠ પરોપકાર કોનો ? ચંદ્રહાસ કે જેને પોતાની પત્નીને એના પ્રેમી પાસે જવા દીધી, કે સોમદત્ત કે જેને ચંદ્રહાસની પત્નીને પરાઈ સ્ત્રી સમજી અપનાવી નહી કે પછી ચોર કે જેને સુવર્ણલતાના ઘરેણાં ન લીધા અને એને જવા દીધી. તમારો ન્યાય શું કહે છે ? શ્રેષ્ઠ ન્યાયી હો તો તમે ન્યાય કરો.’જવાબ : વિક્રમ રાજા બોલ્યા – ‘તો સાંભળ, સ્વાર્થ વગર કરેલ પરોપકાર એ શ્રેષ્ઠ પરોપકાર છે.’

સોમદત્તે રાજયના કાયદાના ડરના કારણે સુવર્ણલતાને પત્ની બનાવવાની ના પાડી. જોકે આમ કરી ચંદ્રહાસ પર કોઈ પરોપકાર કર્યો નથી. જયારે ચંદ્રહાસનું દિલ પત્નીના કુચરિત્રને કારણે તૂટી ગયું. તેથી એનો ત્યાગ કરવો એજ યોગ્ય માન્યું અને પત્નીનો ત્યાગ કર્યો. આથી એને સોમદત્ત પર કોઈ પરોપકાર કર્યો નથી.’‘તો પછી શ્રેષ્ઠ પરોપકાર સુવર્ણલતાનો છે ?’ વેતાલે પૂછ્યું.

‘ના’ રાજા વિક્રમ બોલ્યા ‘ સુવર્ણલતાએ સોમદત્ત, ચંદ્રહાસ અને ચોર આ ત્રણેયને સાચે સાચી હકીકત જણાવી. પરંતુ એને પ્રેમમાં વશીભૂત થઈને આવું કરેલ. તેથી એને શ્રેષ્ઠ પરોપકારી કહેવાય નહિં.’

‘તો પછી શું ચોર શ્રેષ્ઠ પરોપકારી છે ?’ વેતાલે પૂછયું.


‘હા’ રાજા વિક્રમ બોલ્યા – ‘સુવર્ણલતાના ઘરેણાં ન લૂંટવામાં એનો કોઈ સ્વાર્થ ન હતો. માટે ચોર જ શ્રેષ્ઠ પરોપકારી કહેવાય.’

વેતાલ બોલ્યો – ’ધન્ય છે તમારા ન્યાય ને રાજા વિક્રમ. તમારો ન્યાય સાંભળી હું ઘણો ખુશ થયો પરંતુ આપણી શરતનો ભંગ થતાં હું તો આ ચાલ્યો.’ એમ કહી વેતાલ ઉડીને અદ્રશ્ય થઈ ગયો અને વૃક્ષની કાળીએ જઈ મડદાના સ્વરૂપે લટકી ગયો.

રાજા વિક્રમે ઘણી બૂમો મારી પરંતુ વેતાલ ન આવ્યો એ ન આવ્યો. આખરે રાજા વિક્રમ થાકી ગયા હોવાથી મહેલ તરફ ચાલી નીકળ્યાં.

બોધ : ‘સ્વાર્થ વગર કરેલ પરોપકાર જ શ્રેષ્ઠ પરોપકાર ગણાય.’

# આ મારું ચિત્ર છે




શિત્તલ ચકુરભાઈ
( ધોરણ – ૮ )



વિરલ ચેતનભાઈ શિયાળ
( ધો.૪ , પાણિયા પ્રાથમિક શાળા)



કૃપા રમેશભાઈ વાઘેલા
( ધોરણ )



વિરલ ચેતનભાઈ શિયાળ
( ધોરણ – ૪ )

# ઉજળા અને બરવાળા બાવળ ગામે કૌશિક વેકરિયા દ્વારા વિકાસ કાર્યોનો પ્રારંભ










રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવી ગામડાંઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડિયા તાલુકાના મોટા ઉજળા અને બરવાળા બાવળ ગામે વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા. ઊર્જા અને કાયદા વિભાગના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સ્માર્ટ વિલેજ મોટા ઉજળા ગામે રૂા. ૨૪ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવા આંગણવાડી ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવી આંગણવાડીના નિર્માણથી ગામના બાળકોને વધુ સારી શૈક્ષણિક અને પોષણલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ બનશે તેમજ માતા અને બાળ કલ્યાણની સેવાઓ વધુ અસરકારક રીતે પહોંચાડી શકાશે. આ ઉપરાંત બરવાળા બાવળ ગામે પીવાના પાણીની સુવિધાને મજબૂત બનાવવા માટે ૩ નવા બોરવેલ તેમજ બ્લોક રોડ સહિતના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા. આ કામગીરી પૂર્ણ થયા બાદ ગ્રામજનોને પીવાના પાણીની સુવિધામાં રાહત મળશે તેમજ આંતરિક માર્ગ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા આવા વિકાસલક્ષી કાર્યો ગ્રામ્ય વિસ્તારોને વધુ સુવિધાસભર, આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. આ પ્રસંગે વડિયા–કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ યોગેશભાઈ પાનસુરીયા, તાલુકા પંચાયતના સભ્ય મનોજભાઈ હપાણી, અશોકભાઈ વાજા, રમણિકભાઈ પટોળીયા, અગ્રણી પી.વી. વસાણી, મનસુખભાઈ બરવાળીયા, ભાયાવદર સરપંચ સુરેશભાઈ કાછડીયા, મોટા ઉજળ ના સરપંચ વિપૂલભાઈ ખીમાણી, ગ્રામ પંચાયતના સભ્યો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## અંતે ધારીમાં ખેડૂતોને માર મારનારાઓ

અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે. ઘટનાના પગલે ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો હતો અને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી.

આ મામલે આજે સવારે ધારાસભ્ય કાકડીયા, પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયા, મનસુખ ભુવા સહિત ભાજપના આગેવાનો, ખેડૂતો અને ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રતિનિધિઓએ ધારી પોલીસ અને નાયબ કલેકટરને એક આવેદનપત્ર પાઠવી આરોપીઓ સામે કડક કાર્યવાહી તેમજ વિસ્તારમાં ચાલી રહેલા દારૂના દૂષણ પર નિયંત્રણ લાવવાની માંગ કરી હતી.

આ આવેદનપત્ર બાદ ધારી પોલીસ હરકતમાં આવી હતી અને સાગર બટુકભાઈ સરવૈયા, વિશાલ હરેશભાઈ ડાભી સહિત ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. ઉપરાંત હુમલામાં સંડોવાયેલા અન્ય અજાણ્યા શખ્સો અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

દરમિયાન ભાજપના આગેવાનોએ ધારી પંથકમાં દારૂનું દૂષણ બેફામ રીતે ચાલી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસની મીઠી નજર હેઠળ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાનો આરોપ લગાવી જવાબદાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

ધારાસભ્ય જે.વી. કાકડીયાએ દારૂના અડ્ડાઓ બંધ નહીં થાય તો વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ઘટનાને લઈને મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ જોડાતા સમગ્ર પંથકમાં કાયદો અને વ્યવસ્થાના મુદ્દે ચર્ચા તેજ બની છે.

હાલ ધારી પોલીસે ત્રણ આરોપીઓની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે, જયારે હુમલામાં સંડોવાયેલા અન્ય શખ્સોની શોધખોળ ચાલુ હોવાનું જાણવા મળે છે.


**સંકુલ કોલેજ પ્રવેશ ચાલુ**

BA - MA – સાયકોલોજી
BA - MA – સોશીયોલોજી
BA - MA – ઈંગ્લીશ
B.Com. - M.Com – ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com – ઈંગ્લીશ મિડીયમ
B.Sc. - M.Sc – માઈક્રોબાયોલોજી
B.Sc. - M.Sc – બાયોટેકનોલોજી
BCA - MCA – કોલેજ (GTU)
BBA - MBA – કોલેજ (GTU)
B.Pharm. - M.Pharm.
B.Ed. - PTC – કોલેજ
PG - DMLT – કોલેજ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થાપક–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી - Ad 109


પાના ૧ ઉપરનું ચાલું
## મોટા મુંજીયાસરમાં જાહેરમાં જુગાર

મદદથી ચોક્કસ બાતમી આધારે મોટા મુંજીયાસર ગામે ખોડિયાર મંદિર પાસેથી જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે રહેતા રોહિત જોરૂભાઈ માથાસુળિયા સહિત ચાર ઈસમોને રોકડા રૂપિયા ૧૨,૧૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરાનાં ઘંટીયાણ ગામે

ત્યાં સુધીમાં બાળકનું મોત થઈ ચૂકયું હતું.

આ બનાવ બાદ ઘંટીયાણ ગામ સહિત આસપાસના વિસ્તારમાં પણ ભયનો માહોલ ફેલાયો છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં વન્યપ્રાણીઓના આંટાફેરા વધી ગયા છે અને હુમલાની ઘટનાઓ વારંવાર બની રહી છે. ગઈકાલે આ સિંહણ સાથે એક સિંહ તથા ત્રણ સિંહબાળ સહિતનો પરિવાર હાજર હતો. ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે ઘંટીયાણ ગામે વન્ય પ્રાણી હુમલાની આ ત્રીજી ઘટના છે, જયારે સમગ્ર બગસરા પંથકમાં અત્યાર સુધીમાં ૨૨ જેટલી હુમલાની ઘટનાઓ બની હોવા છતાં વનવિભાગ દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

ખેડૂતોએ વનવિભાગની કામગીરી સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે વન્યપ્રાણી હુમલો કરે છે ત્યારે માત્ર અધિકારીઓ દ્વારા આસન આપવામાં આવે છે, પરંતુ માનવજીવનની સુરક્ષા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

ઘટના બાદ મૃતક બાળકના પરિવારજનો અને ગ્રામજનોએ વિરોધ દર્શાવતા મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. ગ્રામજનોએ માંગ કરી હતી કે વનમંત્રી સ્થળ પર આવી લેખિત ખાતરી આપે કે ભવિષ્યમાં આવી ઘટના ફરી નહીં બને અને માનવ વસાહતોમાં વન્યપ્રાણીઓના પ્રવેશને રોકવા માટે અસરકારક પગલાં લેવામાં આવશે.

હાલ સમગ્ર મામલે વનવિભાગની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને સિંહણના મૂવમેન્ટ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. પરંતુ આ ઘટનાને પગલે ગીર વિસ્તારના ખેડૂતોમાં ફરી એકવાર વન્યપ્રાણી અને માનવ સંઘર્ષને લઈને ચિંતા વધી છે.

જાણકારોનું કહેવું છે કે, સિંહ પરિવાર કયારેય પણ ખેડૂતો અથવા તો પશુપાલકોનો શિકાર કરતા ના હતા અને ખેડૂતો અને પશુપાલકો તો મિત્રો હતા. પરંતુ ગેરકાયદેસર રીતે ચાલતા સિંહ દર્શન અને સિંહોની થતી પજવણીના કારણે સિંહ અને માનવીઓ વચ્ચે દુશ્મનાવટ વધતી જાય છે. જે ભવિષ્યમાં સિંહ પરિવાર અને માનવ પરિવાર માટે સારૂ ના કહી શકાય તેવું બની શકે છે.

પાના ૧ ઉપરનું ચાલું
## નાસતા–ફરતાં ૨ આરોપીની અટકાયત

ધારી પોલીસ સ્ટેશન તરફ સોંપી આપેલ છે.

ઝડપાયેલ બંને આરોપીઓ વિરૂધ્ધમાં ધારીના સેકન્ડ એડી.ચીફ જયુડી. મેજી. કોર્ટના ફોજદારી કેસ નં. ૧૦૬/ ૨૦૧૯ તથા ફોજદારી કેસ નં. ૧૦૮/૨૦૧૯ મુજબ ધી નેગો. ઈન્સ્ટુ. એકટ કલમ ૧૩૮ મુજબના કેસો ચાલતા હોય અને જે કેસમાં બંને આરોપીઓ છેલ્લા સાત વર્ષથી ફરાર હતા.


**''અમરેલી એક્સપ્રેસ''**
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**


**શ્રી નાનીધારી ગ્રામ પંચાયત કચેરી**
**મુ. નાનીધારી, તા. ખાંભા, જી. અમરેલી**

**:: જાહેર હરરાજી ::**

આથી જાહેર હરરાજીમાં રસ ધરાવતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, નાનીધારી ગામે આવેલ કોમ્યુનિટિ હોલ જર્જરીત હાલતમાં છે, જાહેર હરરાજી તા.૧૭/૦૬/૨૦૨૬ને બુધવારના રોજ સમય સવારે ૧૧ : ૦૦ કલાકે નાનીધારી ગ્રામ પંચાયત કચેરી, મુ. નાનીધારી, તા. ખાંભા, જિ. અમરેલી સ્થળે રાખેલ છે.

તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ અપસેટ પ્રાઈઝ ૨૧,૨૦૦/– નકકી કરેલ છે, ભાગ લેનાર વ્યકિતએ ૧,૦૦૦/– ડિપોઝીટ ફરજીયાત ભરવાની રહેશે. હરરાજીની શરતો સ્થળ પર સંભળાવવામાં આવશે. તો રસ ધરાવતી વ્યકિતઓએ હાજર રહેવું તથા આખરી નિર્ણય સરપંચશ્રી નાનીધારી ગ્રામ પંચાયતનો રહેશે.

| સરપંચશ્રી | તલાટી કમ મંત્રીશ્રી |
|---|---|
| નાનીધારી ગ્રામ પંચાયત | નાનીધારી ગ્રામ પંચાયત |
| મુ. નાનીધારી, તા. ખાંભા, | મુ. નાનીધારી, તા. ખાંભા, |
| જિ. અમરેલી | જિ. અમરેલી |

પાના ૮ ઉપરનું ચાલું
## મોટી કુંકાવાવમાં બનતા માર્ગે

સમસ્યા તાત્કાલીક દૂર કરવાની રજૂઆત કે ફોન પણ કર્યા નહી જેથી રાજકીય આગેવાનોની સામે પણ વાહન ચાલકો તેમજ બસ સ્ટેન્ડનાં વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. ત્યારે બસ સ્ટેન્ડ પર અનેક સેવાભાવી યુવાનોએ વાહનને ધકકા મારીને બહાર કાઢવામાં મદદ કરી હતી. અનેક વાહનને પંચાયતના ટ્રેકટર ધ્વારા ધકકો મારીને બહાર કાઢયા હતા. આમ ૨૪ કલાક બાદ તંત્ર ધ્વારા આ નવા બનતા રોડ પર જીણી માટી નાખવાનું ડમ્પર મોકલવામાં આવ્યું હતું. ત્યારબાદ વાહન વ્યવહાર યોગ્ય રીતે ચાલું થયો હતો.

હજુ તો ચોમાસુ નથી જે વરસાદ પહેલા પીસીસી કાપ પૂર્ણ કરવામાં નહી આવે તો ભયંકર સમસ્યા થવાની લોકો દહેશત અનુભવી રહ્યા છે ને વરસાદ પહેલા આ નવા રોડનું કામ તાત્કાલીક યુધ્ધનાં ધોરણે થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૧૨/૨૦૨૬

**અરજદાર :** શ્રી નનુભાઈ હરજીભાઈ પડશાલા
રહે. મનપ્રભા, શેરી નં. ૦૧, રોયલ પાર્ક, અમૃત પાર્ક સામે, લાઠી રોડ, અમરેલી, તા/જી.અમરેલી
**વકિલ શ્રી : સંદિપ પી. પંડયા**

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **નનુભાઈ હરજીભાઈ પડશાલા** પોતાનો **જન્મ (તા.૦૯/૦૨/૧૯૫૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૫–૦૨–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**(કે.કે. દવે)**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

# અમરેલી નગરપાલિકા ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ : વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય પત્રો એનાયત












આજરોજ અમરેલી નગરપાલિકા ખાતે વિકસિત ભારત સંકલ્પ અન્વયે જનકલ્યાણ શિબિર યોજાઈ હતી. નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ–વિકાસ, વિાસ અને જનકલ્યાણના અને વિકસિત ભારત સંકલ્પ અભિયાન હેઠળ અનેકવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. જનકલ્યાણ શિબિર કાર્યક્રમમાં સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તકે માહિતી ખાતા દ્વારા નિર્મિત સરકારની વિવિધ યોજનાઓ પર આધારિત એક શોર્ટ ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ જનકલ્યાણ શિબિરમાં પી.એમ. સ્વનિધિ યોજનાના ૮ લાભાર્થીઓ, ગંગાસ્વરૂપ વિધવા સહાય યોજનાના ૭ લાભાર્થીઓ, નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના ૧ લાભાર્થી અને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ૩ લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકાના ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, સભ્ય જયંતીભાઈ ધાનાણી, પુનમબેન સાવલીયા, અમરેલી શહેરના મામલતદાર દવે તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદ સી. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને કબાટ અર્પણ







પરમ ગુરૂદેવની પ્રેરણાથી, સર્વમંગલ ફેમિલી ટ્રસ્ટના મનુભાઈ અને રીકાબેન શાહ (યુએસએ) ના સહયોગથી અર્હમ ગૃપ દ્વારા ભારત ભરમાં અલગ અલગ વિસ્તારોમાં ૧૫૦૦ જેટલાં પરિવારોને કબાટ અર્પણ થયેલ દેશમાં એવા અનેક પરિવારો છે, જેઓ પોતાના આવાસ માટેની નાની જગ્યામાં પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે અને સાથે પોતાની જીવન જરૂરિયાતની કિંમતી તથા ઉપયોગી વસ્તુઓ જેવી કે કપડાં, બાળકોના ચોપડા, નાની-મોટી ચીજવસ્તુઓ અથવા રોકડ રકમ સુરક્ષિત રીતે રાખવા કોઈ યોગ્ય વ્યવસ્થા ધરાવતા નથી. જેના કારણે ઘણી વખત ચીજવસ્તુઓને નુકસાન થતું હોય છે. આવા પરિવારોની આ ચિંતા દૂર કરવાની શુભ ભાવના સાથે રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી દેશ-વિદેશમાં માનવ સેવા અને જીવદયાના અનેક પ્રકલ્પો સતત ચાલી રહ્યા છે. તે અંતર્ગત અર્હમ યુવા સેવા ગૃપ અમરેલી દ્વારા સર્વમંગલ ફેમિલી ટ્રસ્ટના મનુભાઈ અને રીકાબેન શાહ (યુએસએ)ના સહયોગથી તા. ૭ જુન, રવિવારના રોજ સ્થાનકવાસી જૈન મહાજન વાડી, લાઈબ્રેરી રોડ અમરેલી ખાતે દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્કીમ), શ્રીકાળ ભૈરવદાદા મંદિરના મહંત દિપકભાઈ ખંધેડીયા તેમજ રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) ના પ્રમુખ ત્રિલોકભાઈ ભટ્ટ તેમજ અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં અમરેલી તેમજ આસપાસમાં રહેતા ૨૭ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને કબાટ અર્પણ કરવામાં આવેલ. ઉપરાંત અત્યાર સુધીમાં ભારતભરમાં અંધેરી, રાયપુર, મીરારોડ, કાંદિવલી, કોપરખેરાણ, દહિસર, આકોલા, મોરબી, ભાવનગર, અમદાવાદ, જેતપુર, રાજકોટ, ભુજ જેવા અલગ અલગ વિસ્તારોમાં થઈને કુલ ૧૫૦૦ જેટલા પરિવારોને કબાટ અર્પણ કરી, માનવતાનો એક અનોખો પ્રકલ્પ કરવામાં આવેલ.

### ૮૦ દર્દીઓએ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ સારવાર કેમ્પનો લાભ લીધો

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૯૧મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો

### પૈકી ૧૮ દર્દીઓના ફેકોમશીન દ્વારા વિનામૂલ્યે ઓપરેશન કરાયા



ચલાલા, તા. ૧૨

ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૯૧મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી - ગાંધીનગર તથા જીલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન નીચે સરકારી આયુર્વેદ દવાખાનું - ચાડીયા તથા સરકારી હોમિયોપેથીક દવાખાનું જનરલ હોસ્પિટલ અમરેલી દ્વારા યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ પ.પૂજય સંત ડો.રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટય દ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય, બીજા નું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી સાથે વ્યસન મુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળ ી-મળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી.સ્વ.બાબુલાલ વાલજીભાઈ રૂપારેલીયાના આર્થિક સહયોગથી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ - રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૧૮ દર્દીઓને શ્રીરણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી.નેત્રયજ્ઞમાં અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવી.દંતયજ્ઞમાં ડો. ઈશાબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. પ્રકાશભાઈ તથા ડો. આરતીબેનએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

### જિલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબુદ કરવા

# અમરેલી : બાળ મજૂરી નાબુદી અને બાળકોની સુરક્ષા માટે તંત્ર સજજ

### કોઈપણ સમસ્યા માટે ૧૦૯૮ હેલ્પલાઈન પર સંપર્ક કરવા અપીલ

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબૂદ કરવા તેમજ બાળ અને તરૂણ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની ચુસ્ત અમલવારી માટે મદદનીશ શ્રમ આયુક્ની કચેરી દ્વારા વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી છે. બાળકોના હિતો, અધિકારોના રક્ષણ અને તેમના સર્વાંગી વિકાસ માટે સમગ્ર દેશની જેમ અમરેલી જિલ્લામાં પણ કેન્દ્ર સરકાર પુરસ્કૃત ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ ચોવીસ કલાક કાર્યરત છે, જે અહીં GVK EMRI સંસ્થા હેઠળ ચલાવવામાં આવી રહી છે. ૦ થી ૧૮ વર્ષના કોઈ પણ જરૂરિયાતમંદ બાળકની મદદ માટે આ ટેલીફોનિક ટોલ-ફ્રી સેવા આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે અને આ હેલ્પલાઈન પર બાળક પોતે અથવા તેના વતી અન્ય કોઈ પણ નાગરિક ૨૪ કલાકમાં ગમે ત્યારે મફત કોલ કરીને મદદ મેળવી શકે છે. જયારે પણ કોઈ બાળક ગુમ થયેલ કે મળી આવેલ હોય, બાળક તરછોડાયેલુંહોય, તેનેતાત્કાલિક આશ્રયની જરૂર હોય કે પછી બાળકને બીમાર કે એકલું જુવો ત્યારે આ હેલ્પલાઈનનો સંપર્ક કરવો. આ ઉપરાંત, કયાંય પણ બાળલગ્ન કે બાળ મજૂરી થતી જોવા મળે, બાળકને કોઈ હેરાન કરતું હોય કે તેનું શોષણ થતું હોય અથવા બાળકોને લગતી સરકારની યોજનાઓ વિશે માહિતી કે માર્ગદર્શન મેળવવા માટે કોઈ પણ જાગૃત નાગરિક ૨૪ કલાક કાર્યરત ઈમરજન્સી ટોલ-ફ્રી ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮નો સંપર્ક કરી શકે છે. આસપાસમાં આવા કોઈ પણ જરૂરિયાતમંદ બાળક નજરે પડે, તો સહેજ પણ ખચકાયા વિના જાગૃત નાગરિક તરીકે ફરજ નિભાવી તાત્કાલિક આ સેવાનો લાભ અમરેલી જિલ્લા શ્રમ વિભાગ દ્વારા જાહેર જનતાને એક યાદીમાં અપીલ કરવામાં આવી છે.


# અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વરૂડી ગામે તાલીમ યોજાઈ



અમરેલી, તા. ૧૨

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા. ૧૦ જુન, ૨૦૨૬ના રોજ અમરેલી તાલુકાના વરૂડી ગામે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડો, ડો. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શન હેઠળ તાલીમનું આયોજન કરાયું. વરૂડી ગામે ડો. મિનાક્ષી કે. બારીયા દ્વારા આ અભિયાન અંતર્ગત જમીન અને પાણીના પૃથ્થકરણ વિશેતથા કૃષિ યુનીવર્સીટીની ભલામણ મુજબ યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે અને યોગ્ય પધ્ધતિથી ખાતરનો સંતુલિત ઉપયોગ કરવા તથા જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના જૈવિક ઉત્પાદનનાં વેચાણ જેવા કે ગીર સાવજ ટ્રાયકોડર્મા અને બ્યુવેરીયા અંગે ખેડૂતોને સમજાવ્યું. વિષય નિષ્ણાત ડો. નેહા તિવારી દ્વારા પ્રાકૃતિક ખેતીના આયામો અને પ્રાકૃતિક ઉત્પાદનના મુલ્યવર્ધન વિશે વાત કરી. જુનાગઢ કૃષિ યુનીવર્સીટીની નવીન શાકભાજીની જાતો વિશે સમજાવ્યું અને ૨૫ ખેડૂત બહેનોને નિદર્શન કીટ આપવામાં આવી.

# વડિયા : પવિત્ર પુરૂષોત્તમ માસની અગિયારસની ઉજવણી



વડિયા, તા.૧૨

સમગ્ર દેશમાં હિન્દૂ ધર્મના લોકો માટે દાર ત્રણ વર્ષે પવિત્ર પુરૂષોત્તમ માસ આવે છે. હાલ આ પવિત્ર પુરૂષોત્તમ માસ ચાલી રહ્યો છે ત્યારે ઠેર ઠેર મંદિરોમાં ભક્તિમય માહોલ સર્જાય છે. પૂજા,ભોગ,ભજન કીર્તન,કથાઓ સાહિતની વિધીઓ કરવામાં આવે છે. અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આવેલાં શ્રી સ્વામિનારાયણ મંદિર (દિવ્યધામ) ખાતે પવિત્ર પુરૂષોત્તમ માસે અને ગ્રીષ્મ ૠતુ નિમિત્તે મંદિરમાં બિરાજમાન આરાધ્ય દેવ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ ભવ્ય અને કલાત્મક 'કેરીનો અન્નકૂટ' (આમ્રકૂટ) ભોગ યોજાયો હતો. જેમા મંદિરના ગર્ભગૃહમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને શાસ્ત્રોક્ત વિધિથી વિવિધ જાતની ઉત્તમ કેરીઓનો થાળ અર્પણ કરીને વિશેષ આરતી કરવામાં આવી હતી. આ અલૌકિક ઉત્સવના દિવ્ય દર્શન માટે સમગ્ર વડિયા અને સમગ્ર વિસ્તાના ભાવિ ભક્તોએ લાભ લીધો હતો અને દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

### ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી

# સાવરકુંડલાનાં વોર્ડ-3ની પીપરવાડીનો વર્ષો જુનો ગટરનો પ્રશ્ન ઉકેલાયો

### સ્થાનિક વિસ્તારમાં ખુશીનો માહોલ છવાયો



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરના વોર્ડ નં. ૩ હેઠળ આવેલા પીપરવાડી વિસ્તારનો ૪૫ વર્ષો જૂનો ગટરની સમસ્યાનો પ્રશ્ન ઉકેલવા માટે આજે વિકાસકાર્યના શુભ પ્રારંભ રૂપે ગટર લાઈનના કામનું સાવરકુંડલા-લીલિયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, હસ્તે ખાતમુહૂર્ત કરવામા આવ્યુ.આ ગટર લાઇનનું કાર્ય પૂર્ણ થતાં પીપરવાડી વિસ્તારના રહેવાસીઓને લાંબા સમયથી સતાવતી ગટર અને ગંદા પાણીની સમસ્યામાંથી રાહત મળશે તેમજ વિસ્તારની સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે.ધારાસભ્યએ જણાવ્યું હતું કે જનસુવિધાઓને પ્રાથમિકતા આપીને શહેરના વિકાસ માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે અને નાગરિકોની સમસ્યાઓના ઝડપી નિરાકરણ માટે પ્રતિબદ્ધતા સાથે કાર્ય ચાલુ રહેશે.આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નયનાબેન કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતી નુતનબેન, જીગ્નેશભાઈ ટાક તેમજ શહેર ભાજપ સંગઠનના હોદેદારો, નગરપાલિકાના હોદેદારો અને સભ્યો, ભાજપના કાર્યકર્તાઓ, વોર્ડ નં. ૩ના જાગૃત નાગરિકો તથા મોટી સંખ્યામાં વિસ્તારના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ''યોગ ફોર હેલ્ધી એજિંગ'' થીમ પર

# અમરેલી જિલ્લામાં ૨૧ જૂને વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી થશે

### ૨૧ જૂન પોલીસ હેડક્વાર્ટર ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી થશે

અમરેલી, તા. ૧૨

શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ઉત્તમ એવી યોગિક ક્રિયાના સાર્વત્રિક મહાત્મ્ય માટે તા.૨૧ જૂનના રોજ સમગ્ર અમરેલી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની શાનદાર ઉજવણી થશે. આ કાર્યક્રમની ઉજવણી માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ઉજવણી સંદર્ભે પૂર્વ તૈયારીઓ અને આયોજન અર્થે અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. કાર્યક્રમના સુચાઢ આયોજન માટે જિલ્લા કલેકટરએ દિશાદર્શન કર્યુ હતું.

યોગ એ ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાન છે, યોગ પ્રત્યે નાગરિકો જાગૃત્ત બને અને વધુમાં વધુ નાગરિકો યોગાસન કરે અને યોગને પોતાની જીવનશૈલીમાં અપનાવે તેવા હેતુ સાથે વિ યોગ દિન જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં યોગ કાર્યક્રમો યોજાશે. મહત્વનું છે કે, વર્ષ-૨૦૨૬ની ઉજવણીમાં યોગ ફોર હેલ્થી એજિંગ થીમ રહેશે.તા.૨૧ જૂન, ૨૦૨૬ના રોજ અમરેલી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે. આ ઉજવણીમાં વિવિધ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા-શાળાઓ સહિતની જુદાં-જુદાં ક્ષેત્રની ખાનગી સંસ્થાઓ જોડાશે.

જિલ્લાના વિવિધ સ્થળો પર થતી ઉજવણીમાં આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિકથી ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને મહાશાળાઓમાં યોગ દિનની ઉજવણી થશે. આ કાર્યક્રમ દરમિયાન મુખ્ય યોગ શિક્ષક માટે અલગ બેઠક વ્યવસ્થા રહેશે. દિવ્યાંગજનો પણ યોગ દિન ઉજવણી કાર્યક્રમમાં જોડાશે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ સંબંધિત અધિકારીઓને, તેમણે કરવાની કામગીરી અંગે જરૂરી સૂચન કર્યા હતા. બેઠકમાં પ્રાંત અધિકારી, અમરેલી નાકિયા, નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહિલ, યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ પરમાર, શિક્ષણ, આરોગ્ય, ગુજરાત રાજય યોગ બોર્ડ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભુખલી સાંથળી ગામે રાજયમંત્રી કૌશિક વેકરિયાએ ચેકડેમ અને કોઝવેનુ કર્યુ લોકાર્પણ



રાજય સરકારની જળ સંચય અને જળસિંચન ક્ષેત્રેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવતા કુંકાવાવ-વડિયા તાલુકાના ભુખલી સાથળી ગામે નિર્માણ પામેલા ચેકડેમ અને કોઝવેનું લોકાર્પણ ઊર્જા અને કાયદા વિભાગના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું. રૂ. ૪૯.૫૦ લાખના ખર્ચે નિર્માણ પામેલ આ મહત્વાકાંક્ષી જળ સંચય કાર્યનું નિર્માણ ટૂંકાગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. ૪૪ મીટર લંબાઈ અને ૧.૩૦ મીટર ઊંડાઈ ધરાવતા આ ચેકડેમમાં આશરે ૨.૬૮ કરોડ લીટર પાણીનો સંગ્રહ થઈ શકશે, જે વિસ્તારના ખેડૂતો માટે અમૂલ્ય સંપત્તિ સમાન સાબિત થશે. આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, ભુખલી સાથળી ખાતે નિર્મિત આ ચેકડેમ માત્ર પાણી સંગ્રહનું માધ્યમ નથી, પરંતુ સમગ્ર વિસ્તારના કૃષિ વિકાસ માટે એક મજબૂત પાયો છે. ચેકડેમ અને નદી ઊંડીકરણના કારણે ભૂગર્ભ જળ સ્તરમાં વધારો થશે, આસપાસના કૂવા અને બોરમાં પાણીની ઉપલબ્ધતા વધશે તેમજ આશરે ૮ હેકટર વિસ્તારમાં આવેલી ખેતીલાયક જમીનને સીધો લાભ મળશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ખેડૂતોની સમૃદ્ધિ માટે સતત કાર્યરત છે. પાણી, વીજળી, માર્ગ અને સિંચાઈ જેવી મૂળભૂત સુવિધાઓના વિકાસ દ્વારા ગામડાંઓને આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ અંગે ચેકડેમ ખાતે ખેતીલાયક જમીન ધરાવતા વરિષ્ઠ કૃષિકાર નનાભાઈ આહીરે જણાવ્યું હતું કે, આ ચેકડેમ બનવાથી અને નદી ઉંડી થવાથી પાણીના તળ ઉંચા આવશે. અત્યારે મારી જમીનના એક વીઘાનો ભાવ બમણો થઈ ગયો છે. ખેતી માટે આ પાણી આશિર્વાદ સમાન બનશે. આ ચેકડેમના નિર્માણથી વરસાદી પાણીનો વ્યાપક સંગ્રહ થશે, જમીનમાં પાણીનું રિચાર્જિંગ વધશે, ખેતીમાં ઉત્પાદન ક્ષમતા વધશે અને ખેડૂતોને લાંબા ગાળે સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે. સાથે જ પશુપાલન અને પર્યાવરણ સંરક્ષણને પણ પ્રોત્સાહન મળશે. રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલા આવા જળસંચય કાર્યો ગ્રામ વિકાસ અને કૃષિ વિકાસના નવા આયામો સર્જી રહ્યા છે, જે ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. આ પ્રસંગે વડિયા-કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ યોગેશભાઈ પાનસુરીયા, તાલુકા પંચાયતના સભ્ય મનોજભાઈ હપાણી, અશોકભાઈ વાજા, રમણિકભાઈ પટોળીયા, અગ્રણી પી.વી. વસાણી, મનસુખભાઈ બરવાળ ીયા, સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આંખની કીકીના નિષ્ણાંત હવે અમરેલીમાં
- કીકીમાં રસી તથા ઇન્ફેક્શન
- કેમિકલ ઇજરી તથા લીંબલ સ્ટેમ સેલ ડેફિસીયન્સી
- સૂકી આંખ
- આંખના કેન્સર જેમ કે OSSN
- ઈજા ના કારણે કીકી ફાટી જવી
- ટ્રાન્સપ્લાન્ટેડ કીકીમાં સોજો આવવો
- કોન્ટેક્ટ લેન્સ તથા તેના કોમ્પ્લિકેશન
- વેલનું ફરી વખત ના થાય તેવી રીતે ગ્લૂ દ્વારા ઓપરેશન
- એમનીઓટિક મેમ્બરેન ગ્રાફ્ટીંગ (AMG)
- કોલાજન ક્રોસ લીંકિંગ (CXL/C3R)
- કીકીનું ટ્રાંસપ્લાંટેશન(OPK/TPK, DSEK, DALK, Patch graft)
- Simple limbal Epithelial Transplant (SLET)
- ડ્રાય આંખ માટે મુખ માથી ચામડી લઈ પાંપણમાં ટ્રાન્સપ્લાન્ટ કરવાનું ઓપરેશન(Mucous membrane Grafting)
- LASIK તથા ફેકીક IOL, કોર્નીઅલ ટેટૂઇંગ

24/7 Emergency Services
તારીખ : ૧૩/૦૬/૨૦૨૬, શનિવાર
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. તન્વી કામોઠી (MBBS, MS, FCORS) આંખની કીકીના નિષ્ણાંત
NETRA CHIKITSA TRUST MULTI SPECIALITY HOSPITAL Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯, મો.૯૯૭૮૯ ૬૬૬૨૬

## માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ અને એજન્સીને કોઈ પુછવાવાળુ નથી

# મોટી કુંકાવાવમાં બનતા માર્ગે નાગરિકોની મુસીબત વધારી

**ડાયવર્ઝનનાં અભાવે દરરોજ સેંકડો વાહન ચાલકોને કપચી ઉપરથી પસાર થવું પડે છે**

**સ્થાનિકથી લઈને પૂર્વ સાંસદે પણ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છતાં કોઈ પરિણામ નથી**

**સમગ્ર માર્ગને તોડીને નવો બનાવાતો હોય વાહન ચાલકોને પસાર ક્યાંથી થવું તે સમજાતું નથી**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોનાં સેવકો લોકોની સમસ્યા દૂર કરવામાં ઉદાસીન**



કુંકાવાવ, તા. ૧૨

કુંકાવાવમાં અમરેલી–બગસરા–રાજકોટ જવાનો મુખ્ય સ્ટેટ માર્ગ નવો બની રહ્યો છે. તેમાં યોગ્ય રીતે ડાઈવર્ઝન કાઢવામાં આવ્યું નથી જેના કારણે અનેક નાના–મોટા વાહનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે તા. ૧૧નાં બપોર બાદ બન્ને સાઈડનાં રોડ બસ સ્ટેન્ડ ઉપર ખોદીને તેમાં કાંકરી નાખવામાં આવી હતી જેના કારણે કારીમાંથી વાહન પસાર થઈ શકતા ન હતા અને નાના–મોટા સેંકડો વાહન આ માર્ગમાં ફસાયા હતા અને કાંકરીના કારણે વ્હીલ ફસાઈ જતાં વાહન આગળ કે પાછળ ચાલી શકતુ ન હતું. જેના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. આવી ભયંકર સમસ્યાથી બસ સ્ટેન્ડનાં વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો અને અનેક લોકોએ વિડીયો ઉતારી વાયરલ કર્યો હતો. આવી સમસ્યા ટાણે એકપણ રાજકીય આગેવાન આગળ આવીને કોન્ટ્રાકટર કે અધિકારીઓ

અનુસંધાન પાના ૬ ઉપર

## ક્રાઈમ બ્રાન્ચે આરોપીને મહારાષ્ટ્રથી ઝડપી લીધો

# અમરેલીનાં ''ચિંતન જ્વેલર્સ'' માંથી સોનાનાં દાગીનાની ચોરી કરનાર આરોપી ઝડપાયો

**અજાણી મહિલાઓના નામ પણ પ્રકાશમાં આવ્યા**

અમરેલી, તા. ૧૨

અમરેલીના ચિતલ રોડ પર આવેલી ગણેશ સોસાયટીમાં રહેતા વેપારી હાર્દિકભાઈ સુરેશભાઈ કાત્રોડીયાની પંજાબ બેંક સામે આવેલી ચિંતન જ્વેલર્સ દુકાનમાં બે અજાણી મહિલાઓ ગ્રાહક તરીકે આવી હતી. દરમિયાન દુકાનમાં હાજર વ્યકિતનું ધ્યાન ચુકવી સોનાની બંગડીઓના આઠથી નવ સેટમાંથી એક સોનાની બંગડીનો સેટ ચોરી કરી લેવામાં આવ્યો હતો. ચોરી થયેલા સેટનું વજન ૨૧.૦૮૦ ગ્રામ હોવાનું અને તેની કિંમત અંદાજે રૂા. ૩.૩૫ લાખ હોવાનું જણાવાયું છે. બનાજ બાદ બંને મહિલાઓ ફરાર થઈ ગઈ હતી. અમરેલી શહેર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ તથા અન્ય આધારોના આધારે બંને અજાણી મહિલાઓની



શોધખોળ હાથ ધરી હતી.

આ બનાવ અંગે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલકત સબંધી સંડોવાયેલ ઈસમને મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના પાલધી ગામેથી સોયેબ અબ્દુલહમીદ દેશમુખીને રોકડ રૂપિયા ૩,૦૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૧૩,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અમરેલી સીટીનો ચોરીના ભેદ ઉકેલલવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતાં કબુલાત આપેલ છે કે, દસેક દિવસ પહેલા આ ઈસમ તથા તેની સાથે સુમૈયા અફસર શેખ તથા રજીયા યાસીન શેખ (રહે. બંને જલગાવ) સાથે અમરેલી ખાતે આવેલ અને આ બન્ને મહિલાઓ અમરેલીની જ્વેલર્સની દુકાનમાં સોનાના દાગીના લેવાના બહાને ગયેલ અને પોને દુકાનની બહાર ધ્યાન રાખવા ઉભો રહેલ હતો. તે વખતે આ બન્ને મહિલાઓ સોનાની બંગડી જોતી વખતે નજર ચુકવી સોનાની બંગડીના સેટની ચોરી કરી લઈ આવેલ હોવાની હકિકત જણાવેલ હતી.

## લોખંડની ગ્રીલનાં નકુચા તોડીને

# સાવરકુંડલાનાં આંબરડી ગામે રહેણાંક મકાનમાંથી ૧.૭૦ લાખનાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતા મનસુખભાઈ નાનજીભાઈ દવેરા નામના ૬૨ વર્ષીય વેપારીના રહેણાંક મકાનમાં ગત તા. ૧૩/૫ ના સાંજના ૫ વાગ્યાથી તા. ૧૦/૦૬/૨૬ના સવારે ૫ વાગ્યાના અરસામાં પ્રવેશ કરી ઘરની ઓસરીની લોખંડની ગ્રીલના નકુચા તોડી મકાનમાંથી ગેરકાયદેસર પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના આશરે કિંમત રૂપિયા ૮૦,૦૦૦ તથા રોકડ રકમ આશરે રૂપિયા ૯૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦ની મતાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,35,500/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ વન વિભાગ રાનીપશુઓને સુરક્ષિત રાખી શકતો નથી

# બગસરાનાં ઘંટીયાણ ગામે ૭ વર્ષનાં બાળકને સિંહણે મોતને ઘાટ ઉતારતાં ફફડાટ ફેલાયો

**ખેડૂતોને ખેતી કાર્ય કરવુ કે રાનીપશુઓથી ભાગતુ રહેવું તે સમજાતુ નથી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૧૨

બગસરા તાલુકાના ઘંટીયાણ ગામે ગઈકાલે મોડી સાંજે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. વાડી વિસ્તારમાં કામ કરતા પરપ્રાંતીય મજૂરના એક ૭ વર્ષના બાળક પર સિંહણે હુમલો કરી મોં માં દબોચી ૧ કિ.મી. સુધી ઢસડી લઈ જઈ અને તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ ઘટનાને પગલે ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વન્ય પ્રાણીઓના વારંવાર હુમલા છતાં વનવિભાગ દ્વારા અસરકારક પગલાં ન લેવાતા હોવાના આક્ષેપો સાથે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો છે.

બગસરા તાલુકાના ઘંટીયાણ ગામમાં ગઈકાલે મોડી સાંજે સિંહણના હુમલામાં ૭ વર્ષના બાળકનું કરૂણ મોત નિપજતા સમગ્ર પંથકમાં શોક સાથે રોષની લાગણી ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ ઘંટીયાણ ગામની પારસભાઈ સોજીત્રાની વાડી વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય મજૂરના એક ૭ વર્ષના પુત્ર પર અચાનક સિંહણે હુમલો કર્યો હતો. સિંહણ બાળકને અંદાજે ૧ કિલોમીટર સુધી ઢસડી લઈ ગઈ હતી અને ત્યારબાદ બાળકને ફાડી ખાધો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના ખેડૂતો અને ગ્રામજનો દોડી આવ્યા હતા પરંતુ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
- Liaisonig Officer - 1
- Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
- Reporting Manager - 1
- Sales Co - Ordinator - 1
- Trainer - 1

Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)